समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૩ જાન્યુઆરી : ૨૦૦૯ અંક : ૭

: પરામર્શનસમિતિ :

**નારાયણ દેસાઈ**
પ્રમુખ

**ભોળાભાઈ પટેલ**
વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

: તંત્રી :
યોગેશ જોષી

: સહતંત્રી :
પ્રફુલ્લ રાવલ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ ○ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com






## અ નુ ક્ર મ

**પરિષદ-પ્રમુખનો પત્ર** નારાયણ દેસાઈ

**કવિતા** પાંચ ગઝલો ● ચિનુ મોદી, ઝરમરે ● નલિન રાવળ, આજ આદિલ... ● નીતિન વડગામા, દશ્ય દેખાતું રહ્યું ! ● દિલીપ મોદી

**અભ્યાસ** ‘મરક-મરક’ની હાસ્યસૃષ્ટિ ● વિજય શાસ્ત્રી

**સમીક્ષા/ગ્રંથાવલોકન** ‘તખુની વાર્તા’ વિશે ● નવનીત જાની ૫૬, પરોક્ષે-પ્રત્યક્ષે : અતંદ્ર સાહિત્યસેવીનો ગાઢ સંસ્પર્શ ધરાવતા લેખો ● પારુલ કંદર્પ દેસાઈ, એક ઊર્મિભર્યું પ્રવાસવર્ણન ● ડૉ. લવકુમાર દેસાઈ, સમૃદ્ધ વ્યક્તિત્વનો આલેખ ● ડૉ. નલિની દેસાઈ

**અહેવાલ** ગુજરાતી સાહિત્ય પરિષદનું રજત જયંતી જ્ઞાનસત્ર ● અજય પાઠક

**પરિષદવૃત્ત** સંકલન : અનિલા દલાલ

**સાહિત્યવૃત્ત** સંકલન : પ્રફુલ્લ રાવલ

**આવરણચિત્ર** ભરત પઢિયાર

# પરિષદ-પ્રમુખનો પત્ર

ગાંધીકથાઓ મને ગુજરાતમાં ખૂણે ખૂણે લઈ જાય છે. હાલમાં જ ધરમપુર તાલુકાના ખડકી ગામે ગાંધીકથા થઈ, જે ગામની પડખેથી વહેતી નાર નદીને સામે કાંઠે મહારાષ્ટ્રનો નાશિક જિલ્લો છે. સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં ઇંગ્લૅન્ડ, કૅનેડા અને સંયુક્ત રાજ્ય અમેરિકામાં પાંચ ઠેકાણે ગાંધીકથા થઈ. આ લખું છું તેનાથી ત્રણ દિવસ પહેલાં મહારાષ્ટ્રની ઉપરાજધાની નાગપુરમાં કથા પૂરી થઈ. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી'ને ન્યાયે દેશમાં કે વિદેશમાં જ્યાં જાઉં ત્યાં ગુજરાતીઓને મળવાનું થાય જ અને એમને મળું ત્યારે ગુજરાતી ભાષા, ગુજરાતીઓનાં સંગઠનો અને સંસ્થાઓ તથા ગુજરાતની બહારના સમાજમાં એમના સ્થાન અંગે પણ સ્વાભાવિક રીતે ચર્ચાવિચારણા થાય.

નાગપુરમાં ત્યાંના ગુજરાતી સમાજે નવેમ્બરની છઠ્ઠી તારીખે તમારા પ્રમુખનું સન્માન કર્યું. આશરે ૩૦-૫૦ જણની સભામાં ૧૦-૧૨ 'સમાજ' કે સંસ્થાઓ વતી જુદા જુદા પુષ્પગુચ્છો અપાયા ! એમની આગળ જે વિચારોની ચર્ચા થઈ તેમાં 'પરબ'ના વાચકો – ખાસ તો ગુજરાત બહાર વસેલા વાચકોને રસ પડશે એમ ધારી આજના પત્રમાં એનો ઉલ્લેખ કરું છું.

'યુનેસ્કો'ના એકથી વધુ સર્વેક્ષણો એમ કહે છે કે બાળકોના શિક્ષણનું ઉત્તમ માધ્યમ એમની માતૃભાષા જ હોય. માતૃભાષા અંગે સામાન્યપણે યુનેસ્કોના શિક્ષણશાસ્ત્રીઓની વ્યાખ્યા એવી છે કે બાળક જે ભાષાના વાતાવરણમાં જન્મે છે ને ઊછરે છે, જે એને પહેલવહેલી સાંભળવા મળે છે તે એની માતૃભાષા. ગુજરાત બહાર જન્મેલાં બાળકોના ગુજરાતી વાલીઓએ એમના પરિવારમાં ગુજરાતી જ બોલવાનો રિવાજ રાખ્યો હોય તો બાળકોની માતૃભાષા ગુજરાતી જ હોય. પણ બાળક શેરીમાં જઈ રમવા માંડે એટલે એને આસપાસનાં બાળકો જે ભાષા બોલતાં હોય તે બોલવા-સાંભળવાની ટેવ પડે છે. ઘણી વાર એ જ એ બાળકોની પ્રથમ ભાષા બની શકે. નાગપુરવાસી ગુજરાતીઓમાં ઘણાં બાળકોની માતૃભાષા, આ કસોટી મુજબ મરાઠી બને. એમનું શિક્ષણ માતૃભાષા મરાઠીમાં જ થાય એ તેમના સમગ્ર વિકાસમાં ઉપયોગી થઈ પડે.

પરંતુ આ બાળકો ગુજરાતી સમૂળગી ભૂલી જાય છે. તેઓ ગુજરાતી ભાષા મારફત વરસી આવતી આખી સંસ્કૃતિની ધારાથી વંચિત રહી જાય. આ વિષય દૂરના પ્રાન્તોમાં, જ્યાં આસપાસના વાતાવરણમાં ગુજરાતીથી ઠીક ઠીક દૂરની ભાષા બોલાતી હોય, દાખલા તરીકે તમિળ, તેલુગુ, મણિપુરી કે કાશ્મીરી અથવા તો અંગ્રેજી, ફ્રેંચ, સ્પેનિશ, રૂસી, ચીની કે અરબી – ત્યાં જો ઘરમાં ગુજરાતી વપરાતી ન હોય તો બાળકો કાયમને માટે ગુજરાતની સંસ્કૃતિથી છેટાં રહી જાય. તેઓ નરસિંહ – મીરાં અને હેમચંદ્રાચાર્યથી માંડીને ગાંધી – મકરંદ – રાજેન્દ્ર તેમજ ઝંડુ ભટ્ટથી માંડીને વિક્રમ સારાભાઈ સુધી વિકસતી આવતી સંસ્કૃતિથી વંચિત રહેવાનાં. માટે ગુજરાતી વાલીઓનું એ કર્તવ્ય છે કે ઘરમાં તો એ પોતાનાં બાળકો સાથે ગુજરાતી ભાષામાં જ બોલવાનો આગ્રહ રાખે. એમની સાથે પત્રવ્યવહાર પણ ગુજરાતીમાં જ કરે અને ઘરમાં ગુજરાતી ભાષાનું ઉત્તમ સાહિત્ય વસાવી બાળકો જોડે નાગપુરની ગુજરાતી સમાજની કથાએ એક બીજી વાતની પણ યાદ અપાવી. સભામાં આવેલા કુલ સભ્યોના લગભગ ચોથા ભાગના સભ્યોએ પોતપોતાની સંસ્થા વતી જુદા જુદા ફૂલગજરા આપ્યા. અલબત્ત આ બધા ગજરાઓ એનો હાર્દિક પરિચય કરાવે. અંગ્રેજી માધ્યમમાં ભણતાં ગુજરાતી સાહિત્યકારોનાં બચ્ચાંઓને મેં નારદના નામનો ઉચ્ચાર નરાદા કરતાં સાંભળ્યાં છે. પણ જ્યાં પિતા જ યોગને યોગા કહેતા હોય ત્યાં કદાચ એની નવાઈ ન લાગે.

ગુજરાતની શાળાઓ સારુ સૂત્ર હોય તો તે 'માધ્યમ ગુજરાતી – ઉત્તમ હિંદી અને અંગ્રેજી' અને ગુજરાત બહાર 'માધ્યમ માતૃભાષા – ઉત્તમ રાષ્ટ્રભાષા કે અન્ય રાષ્ટ્રીય ભાષા' હોય. જે વડીલો બાળકોને ગુજરાતીના સંસ્કાર નથી આપતા તે પોતાની માતૃભાષાનો જ નહીં, પણ માતૃસંસ્કૃતિનો પણ દ્રોહ કરે છે.

ગુજરાત-બહાર વસતા ગુજરાતીઓએ બીજી પણ એકબે વાતો ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. થોડા સમય પહેલાં ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાને ત્યાં નવો વસવાટ કરવા આવેલી લઘુમતીઓને ધમકીભર્યા અવાજમાં એવી મતલબનું કહ્યું હતું કે 'આવ્યા છો તો અમારા કહ્યામાં રહો. નહીં તો આવ્યા ત્યાં પાછા ચાલતા થાઓ.' આ વાણી સાંભળીને આપણે ત્યાંના કેટલાક બહાદુરોને લાગ્યું કે નેતા હો તો આવા હો ! એમણે કહ્યું કે આપણને પણ આવા નેતા ખપે, જે લઘુમતીને પંપાળ્યા કરવાને બદલે એમને પરખાવી દે કે કાં સખણા રહો, કાં ગાંસડાં-પોટલાં બાંધીને હાલ્યા જાઓ. આવી જ વાતના પડઘા થોડા બ્રિટનમાં અને થોડા બીજા દેશોમાં પડતા પણ સંભળાયા. વિદેશમાં વેપારઉદ્યોગ કે નોકરી-ધંધો કરનારા ગુજરાતીઓ પણ વોટબૅંકો શોધતા રાજકારણીઓના મિજાજમાં જ જાણે બોલતા હોય એમ કેટલીક જગાએ લાગ્યું. ખૂબી એ છે કે આ લોકો એક બાજુ આવા રાજકારણીઓને આર્થિક ટેકો આપે છે તો બીજી બાજુ એ જ લોકો વૈશ્વીકરણની દુહાઈ પણ દેતા હોય છે. આમ એક જ વાત એ લોકો વિસારી દેતા લાગે છે કે તેઓ પોતે પણ એ દેશની લઘુમતીમાં જ છે. ઇંગ્લેન્ડ કે અમેરિકામાં આફ્રિકાને રસ્તે થઈને આવેલા કે સીધા મુંબઈથી ઊડીને આવેલા ગુજરાતીઓ ઇંગ્લેંડ-અમેરિકામાં તો લઘુમતીમાં જ હોવાના ને ? એટલે ગુજરાતમાં લઘુમતી પ્રત્યે કેવી વર્તણૂક રાખવી જોઈએ એનો વિચાર ઉશ્કેરાટ કે આવેશમાં આવીને કરવાને બદલે એમણે માનવતા, નાગરિકતા અને સભ્યતાના ત્રાજવે તોળીને કરવો જોઈએ. એક કાળે દક્ષિણ આફ્રિકામાં રંગદ્વેષ જોઈ-અનુભવીને 'આપણે ત્યાં આપણે કહેવાતા અસ્પૃશ્યો સાથે આવો જ વ્યવહાર નથી કરતા ?' એવો પ્રશ્ન પૂછનાર ગાંધી લખી ગયા છે કે કોઈ પ્રજા કેટલી સંસ્કારી છે એ માપવું હોય તો એ પોતાની લઘુમતી જોડે કેવો વ્યવહાર કરે છે તે તપાસવું જોઈએ.

નાગપુરવાસી, લંડનવાસી કે લૉસ એન્જલીસવાસી ગુજરાતી તે પ્રદેશ કે દેશમાં લઘુમતીમાં હોય છે અને શિયાળામાં કે લગનગાળામાં જ્યારે દેશમાં જાય છે ત્યારે એ બહુમતીનો સભ્ય નથી થઈ જતો ? પોરબંદર કે રાજકોટના વાસી ગાંધી માત્ર પોતાના કોચલામાં ભરાઈને વિચાર નહોતા કરતા. તેથી તેમણે ઠેઠ ૧૯૦૯માં નીતિને ત્રાજવે તોળીને મૂલ્યાંકન કરવાની વાત કરી હતી. હવે એ વાતને એક સદી થઈ. એ જમાનામાં દુનિયા હતી એના કરતાં આજે ઘણી નાની થઈ ગઈ. અઠવાડિયાંઓ કે મહિનાઓ સુધી દરિયો ખેડીને વિદેશ જનારા ગુજરાતીઓ હવે અઠવાડિયામાં દુનિયાનો આંટો મારીને ઘરે પાછા ફરે છે અને એક ગરવી ગુજરાતણ પૃથ્વીથી ઊડીને અવકાશમાં વિહાર કરી આવે છે. દુનિયા જ્યારે એક પંખીનો માળો થઈ ગઈ છે ત્યારે આપણે એક જગાએ હોલાં-કબૂતર અને બીજી જગાએ શકરા-બાજ બનીએ તે કેમ શોભે ?

જાણે કે એક જ દુકાનેથી ખરીદાયા હોય એવા લાગતા હતા. એક જ પ્રકારનાં ફૂલ, એક જ પ્રકારની બાંધણી અને એક જ પ્રકારના પ્લાસ્ટિકમાં વીંટેલા. અત્યારે એ પુષ્પોની થોડા કલાકની આવરદાનો વિચાર બાજુએ રાખીએ. અને છેવટે પ્લાસ્ટિકનો નિકાલ કેમ કરવો એ પ્રશ્નનો ઉકેલ હજુ સુધી દુનિયામાં સંતોષકારક મળ્યો નથી, એ વાત પણ કોરે રાખીએ તો પણ એક દ્વિધા તો ગુજરાતી સમાજની એ નાનકડી સભામાં ખાસ ધ્યાન ખેંચે એવી હતી કે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખના સન્માનાર્થે અપાયલા આ પુષ્પગુચ્છો એ કાંઈ એક જ ઉદ્યોગપતિએ આવકવેરાવાળાઓને સંતોષવા અનેક ટ્રસ્ટો રચ્યાં હોય એવી પારિવારિક વ્યવસ્થા નહોતી. એ તો એક જ ગુજરાતી સમાજમાં પોતપોતાની આગવી અસ્મિતા શોધતાં જાતિવાર કે ક્ષેત્રવાર પડેલાં પુષ્પમંડિત કૂંડાળાઓ સૂચવતા હતા. કેટલાક દેશોમાં તો માત્ર સંસ્થાઓ જ નહીં પણ મંદિરો પણ જાતિવાર કે ભાષાવાર જોવામાં આવ્યાં. ક્યાંક લુવાણાઓનું મંદિર, ક્યાંક પંજાબીઓનું, ક્યાંક વળી કોઈક બીજાનું. આ માત્ર ઉપાસ્ય દેવો કે ઉપાસના-પદ્ધતિઓની વિવિધતા નહોતાં સૂચવતાં પણ તે તે સંપ્રદાયના અનુયાયીઓની લગ્ન-વિવાહ કે મરણ-સરણની પદ્ધતિઓનું વૈવિધ્ય પણ સૂચવતાં હતાં. ન્યાતજાત, પેટાજાતિ કે ગોળોમાં વહેંચાઈ જવાની આપણી લાક્ષણિકતા આપણે વિદેશ જઈ વસીએ ત્યારે પણ નહીં છોડી શકીએ તો આપણે ક્યાં જઈને અટકશું ?

આપણા બે જનનાયકોનાં ઉદાહરણો ગુજરાતી પ્રજાને પદાર્થપાઠ પૂરા પાડી શકે તેવાં છે. પહેલાં દાખલો સરદારનો. ખેડાના ખેડૂતોની ચળવળમાં પોતે તો જ પડે કે જો અમદાવાદના કોઈ આગેવાન ખેડાના પ્રશ્ન પાછળ સમય આપવા તૈયાર હોય, એવી ગાંધીજીએ હકલ કરી ત્યારે વલ્લભભાઈએ આ બીડું ફક્ત એટલા સારુ નહોતું ઝડપ્યું કે પોતે ખેડા જિલ્લાના વતની હતા. એમને માટે તો પોતાનો કામધંધો બાજુએ રાખીને સમાજના પ્રશ્નમાં ઝંપલાવવું એ નાના કૂંડાળાને વિસ્તરવાની જ પ્રક્રિયા હતી. બારડોલી તાલુકાના ખેડૂતોએ પોતાની ઉપર લદાતા વધારાના મહેસૂલ અંગે ગાંધીજી આગળ રાવ ખાધી ત્યારે તેમને આરામ આપી પોતે એ તાલુકાની આગેવાની લીધી તે સમયે વલ્લભભાઈએ બીજું કૂંડાળું વિસ્તાર્યું. ત્યાંથી જ તેઓ સરદાર તરીકે ઓળખાયા. તે માત્ર બારડોલી કે ગુજરાતના જ નહીં, પણ આખા દેશના સરદાર. પછી વડાપ્રધાન બની શકે એની પૂરી યોગ્યતા હોવા છતાં નાયબ વડાપ્રધાન બની ગૃહખાતું સંભાળ્યું ત્યારે સત્તાના પદનું કૂંડાળું ઓળંગીને રાષ્ટ્રના હિતનું વર્તુળ વિસ્તાર્યું, જેની મારફત એમણે સેંકડો દેશી રાજ્યોને ભારતના સાર્વભૌમ રાષ્ટ્રમાં ભેળવી ઇતિહાસમાં કાયમને માટે અમર પદ પ્રાપ્ત કર્યું. આ ઘટનાથી ૧૨-૧૮ વર્ષ પહેલાં દાંડીકૂચ વખતે, પોતાના આશ્રમથી ગુજરાતને દરિયાકિનારે જઈ મીઠું પકવી અન્યાયી કાયદો તોડવાની કલ્પના ગાંધીજીની હતી. પણ એમની કૂચનો માર્ગ નક્કી કરવાનું કામ જેટલા વ્યવહારકુશળ તેટલા જ વિશાળ દૃષ્ટિવાળા સરદારને સોંપ્યું. એ કામ સરદારે કેવી કુશળતાથી પાર પાડ્યું એનો ખ્યાલ ઘણાને નહીં હોય. ગાંધીજી મીઠાનો કાયદો તો પોતાના જિલ્લામાં જ તોડે એવો આગ્રહ ઘણા જિલ્લાના કાર્યકર્તાઓ કરવા માંડ્યા. ખેડા જિલ્લાના કાર્યકરો પણ એમાં અપવાદ નહોતા. 'આપણા જિલ્લામાં દરિયાકાંઠો ક્યાં છે ?' એ પ્રશ્નનો જવાબ પણ આગ્રહ કરનારાઓએ વિચારી રાખેલો. 'મહીસાગરનાં પાણી ભરતી વખતે ચડે છે. એ ઓટમાં ઊતરે ત્યારે આપણા જિલ્લાના કાંઠા પર મીઠાના ગાંગડા મૂકતાં જાય છે. તે ઉપાડીએ એટલે કાયદો તોડ્યો જ ગણાય ! ખેડા જિલ્લો તો સરદારનો પોતાનો જિલ્લો. પણ તેઓ જિલ્લાના કૂંડાળામાં બંધાયેલા જ રહ્યા. ગાંધીજીની કૂચ ગુજરાતના વધુમાં વધુ જિલ્લાઓમાંથી પસાર થાય એનો જ તેમણે વિચાર કર્યો. તેથી સુરત જિલ્લાના પણ દક્ષિણ ભાગમાં દાંડીનો દરિયાકિનારો પસંદ કર્યો. વળી દેશી રાજ્યોને ઘડીના છઠ્ઠા ભાગમાં રાષ્ટ્રમાં વિલીન કરનાર સરદારે કૂચનો આખો માર્ગ એવો પસંદ કર્યો કે જે બ્રિટિશ હદમાંથી જ પસાર થતો હોય અને દેશી રાજ્યોને છંછેડે નહીં. તેથી જ એ માર્ગ વડોદરાની સાવ નજીક આવ્યો તે છતાં જંબુસર ભણી વળી ગયો. ખેડા જિલ્લાનો મહીકાંઠો ત્યજીને સુરતનો દાંડીકાંઠો પસંદ કરવામાં દૂરદૃષ્ટિ ઉપરાંત વિશાળ દૃષ્ટિ પણ હતી.

અને બીજો દાખલો ગાંધીજીનો. દક્ષિણ આફ્રિકામાં પીટરમારિત્સબર્ગના સ્ટેશન પર ધક્કો ખાતાંની સાથે જ ગાંધીજીએ કુટુંબનું કૂંડાળું ઓળંગીને દક્ષિણ આફ્રિકામાં વસતા મામ હિંદીઓના વિશાળ વર્તુળમાં પ્રવેશ કર્યો. ત્યારથી પછી એમ પાછા વળીને જોયું જ નહીં. એમનું ...... ૧૯૧૫ પછી આખો દેશ બન્યું. ૧૯૧૭માં ચંપારણના પ્રથમ સત્યાગ્રહમાં જ એમણે બિહાર ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક ને સિંધના કાર્યકર્તાઓને કામે લગાડ્યા. ૧૯૩૨માં ડૉ. આંબેડકરને 'તમે જન્મથી અસ્પૃશ્ય તો હું જાત પસંદગીથી અસ્પૃશ્ય' એમ કહીને ગાંધીજીએ જાતિવ્યવસ્થાનું કૂંડાળું તોડ્યું. દક્ષિણ ભારતમાં હિંદી શીખવવા એમણે પોતાના પુત્ર દેવદાસને મોકલ્યા. સાબરમતીના આશ્રમનું ધારણ ઘડતાં એના ઉદ્દેશ તરીકે પહેલું વાક્ય ગાંધીજીએ 'જગતહિતની અવિરોધી એવી રાષ્ટ્રસેવા' એવું લખ્યું. એમની સેવાનું કૂંડાળું જગતથી નાનું થઈ જ ન શકે. એ જગત હવે તો નાનું થયું છે અને આપણો વ્યાપ મોટો થયો છે.

પ્રશ્ન એ છે કે આપણે આવા નેતાઓનું માત્ર ગૌરવગાન કરીને સંતોષ માનીશું કે એવા નેતૃત્વને અનુસરવાનો કાંઈકે પ્રયત્ન કરીશું ? આ પ્રશ્ન ઝીલતા એ આપણે 'અમારાથી શું થાય, અમે તો...' – એમ કહીને પાણીમાં બેસી જવા ન માંગતા હોઈએ તો પોતાનું કૂંડાળું વિસ્તારમાં પોતાનું જ કલ્યાણ છે એ વાત બરાબર સમજીને તેમ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. હું કોઈ બારડોલી સત્યાગ્રહની કે દાંડીકૂચની વાત નથી કરતો. હું તો માત્ર એટલું જ કહું છું કે આપણે ગુજરાતીઓ દુનિયાના જે કોઈ પણ ખૂણામાં હોઈએ ત્યાં આપણી માંહેના ન્યાત-જાત, ધર્મ-સંપ્રદાય કે બીજા વાડાઓ વિસ્તારીને સૌથી પ્રથમ ગુજરાતી બનીએ. એમાં જ આપણું ભલું છે. સાચા ગુજરાતી તો જ બનાશે કે જો ત્યાર પછીનાં આપણાં પગલાં વિશ્વનાગરિક બનવા તરફનાં હશે. શું આ મનોરથ બહુ મોટો લાગે છે ? વિશ્વની આજની પરિસ્થિતિમાં આબરૂભેર રહેવાનો એ જ માર્ગ છે એ આપણે સમજવું જોઈએ. વળી એમ પણ કોઈ કહેતું નથી કે આપણે એક જ છલાંગે વિશ્વનાગરિક બની જવાનું છે. ગિરનારની ટોચ પર ચડવા માટે પ્રથમ તો આપણે પહેલું પગલું જ માંડવું પડશે. પગથિયે પગથિયે જ ગિરનાર ચડાય છે. આ પગથિયાં ચડવાં એટલે પોતાના સ્વાર્થના કૂંડાળાને વિસ્તારતા જવું. સ્વાર્થથી પરાર્થ ભણી; ત્યાંથી સર્વાર્થ ભણી અને છેવટે પરમાર્થ ભણી. ગુજરાતીની યાત્રાનાં એ જ પગથિયાં છે. કોણ કઈ ટૂંક સુધી પહોંચ્યું છે, એ જાતતપાસનો વિષય બની રહેશે.

**નારાયણ દેસાઈ**

## પાંચ ગઝલો | ચિનુ મોદી

### ૧

માત્ર ધુમ્મસ, માત્ર વાદળ, કૈં જ દેખાતું નથી
છું શિખરની ટોચ પર તો કૈં જ બોલાતું નથી.

રોજ મારાં નામ જોગી ચિઠ્ઠી મોકલતાં તમે
રોજ આંખો તાણતો, પણ, કૈં જ વંચાતું નથી.

રંગબેરંગી બગીચો, વૃક્ષ, વેલી, પાંદડાં
કૈંક ખામી છે કે બુલબુલ એ છતાં ગાતું નથી.

ખૂબ સગવડ છે છતાં પણ શું કરું આ સ્વર્ગને ?
મારી સાથેનું અહીં તો કોઈ દેખાતું નથી.

છેક તળિયે હોય માની ડૂબકી ઊંડે દીધી
મન છતાં ચાલાક છે, 'ઇર્શાદ' પકડાતું નથી.

૨૭-૮-૨૦૦૮

### ૨

ઠોકરો ને કેશ છે
ગૂંચવાતો દેશ છે.

હાથ પણ પાછા પડે
સર્પ છે કે કેશ છે ?

મોત ! પટમાં આવને
ક્યાં ફિકર લવલેશ છે ?

સત્યનું પ્રગટીકરણ
કૈંક કાળા મેશ છે.

રાત ટૂંકી ટચ પડી
(ને) કૈંક બાકી વેશ છે.

૨૦-૫-૨૦૦૮

### ૩

કૈં ફસાદો, કૈંક ટંટા થૈ ગયા
એ બધાના આદી બંદ થૈ ગયા.

તું નથી એની પ્રતીતિ થૈ ગઈ
હાથ મારા ઠંડા ઠંડા થૈ ગયા.

સાવ સોના જેવા કૈં સંબંધ, પણ –
એમ સમજો ભડભડ વંકા થૈ ગયા.

ખૂબ જાણીતા થયા આગંતુકો
મંદ વાયુ ઝંઝા ઝંઝા થૈ ગયા.

મેં લૂછેલાં આંસુ સાચકલાં હશે
હાથ જોને ગંગા ગંગા થૈ ગયા.

૫-૫-૨૦૦૮

### ૪

તડકો-છાંયો સરખો તોળું
આંખો પર ક્યાં અશ્રુ ઢોળું ?

દરવાજા પર સન્નાટો છે
ઘરમાં ક્યાંથી પેઠું ટોળું ?

જળ છે ને છે અહીં ઝાંઝવું
જે ચાખું, એ લાગે મોળું.

છાના છાના ક્યાં લગ રહેશો ?
શક્ય નથી હું તમને ખોળું.

આખા જગમાં ક્યાંય જડે ના
ઇર્શાદ સરીખું માણસ ભોળું.

૧૬-૨-૨૦૦૮

### ૫

લાકડાં બળશે ને તડતડશે હવે
જીવ ખોતાં દેહ ચડભડશે હવે.

તું ગજા ઉપરાંતનું ચાલ્યો જ છે
એક ચોક્કસ ક્ષણ તને નડશે હવે.

શ્વાસ પાછા, આઘા-પાછા થાય છે
કોઈને બોલાવવા પડશે હવે.

માત્ર નકશામાં વતન વંચાય છે
આંગળી લાચાર ત્યાં અડશે હવે.

ચોતરફ 'ઇર્શાદ' કેવળ છે બરફ
તું ચિરંતન કેમનું ઘડશે હવે ?

૨૩-૧૨-૨૦૦૭

## ઝરમરે | નલિન રાવળ

શ્વેત
સભર અભ્રથી ઝૂકતા નભની
નીચે
પારિજાતની ફૂલ મહેકતી ડાળ;
ડાળ પર
પંખી કૂજે;
સમીર હિંડોળે પૃથ્વી ઝૂલે;
તૃણ
તૃણ પર ઝાકળ
ઝાકળ પર ઝરમર ઝરમર
સોનલ વરણા
સૂર્યકિરણનાં સ્નેહ ઝરમરે.

કમ્પાલા
૬-૧૦-૨૦૦૮

## આજ આદિલ.... | નીતિન વડગામા

ગઝલનો ગજરો ધરીને આજ આદિલ આખરે ઊઠી ગયા,
પૂરજોશે પાંગરીને આજ આદિલ આખરે ઊઠી ગયા.

પ્રેમના એવા મુલાયમ તાંતણે બાંધી બધાયે કાફલા,
અધવચાળે આંતરીને આજ આદિલ આખરે ઊઠી ગયા.

એક મુઠ્ઠી લઈ અને ખોબો ભરી પાછું ધર્યું છે એમણે,
ચોપડો સરભર કરીને આજ આદિલ આખરે ઊઠી ગયા.

શ્વાસની સરહદ સુધી પ્હોંચ્યા પછી પાછા ફર્યા'તા આમ તો,
તોય સૌને છેતરીને આજ આદિલ આખરે ઊઠી ગયા.

કૈંક ભીંતોને ચણી છે તોય આ વરસાદ ક્યાં રોકાય છે ?
સાવ ભીનું સાંભરીને આજ આદિલ આખરે ઊઠી ગયા.

વ્હાલસોયા એ વતનની ધૂળને માથે ચડાવી પ્રેમથી,
સાત સાગરને તરીને આજ આદિલ આખરે ઊઠી ગયા.

એ 'વળાંકે' જઈ 'સતત' 'પગરવ' કરી 'ન્યૂયૉર્ક નામે ગામ'માં,
એમ અંતે ઓસરીને આજ આદિલ આખરે ઊઠી ગયા.



## દૃશ્ય દેખાતું રહ્યું ! | દિલીપ મોદી

સંભવે છે પણ વિલંબાતું રહ્યું
ફૂલ અંતે એક કરમાતું રહ્યું.

કાગળો પર મૌન ચર્ચાતું રહ્યું
કોણ દર્દીલી ગઝલ ગાતું રહ્યું ?

આંખ મેં મીંચી દીધી ને તે પછી
ક્યાં સુધી એ દૃશ્ય દેખાતું રહ્યું !

રાતભર ઊગી ગયાં કૈં દર્પણો
ને યુગોનું સ્વપ્ન ચ્હેરાતું રહ્યું.

પંખી ટહુકો લઈ જુઓ ઊડી ગયું
પિંજરાનું રૂપ બદલાતું રહ્યું.

આખરે મેં સત્ય સ્વીકારી લીધું
ટોળું શ્રદ્ધાનું વિખેરાતું રહ્યું.

પ્રેમના ચકડોળમાં બેઠો 'દિલીપ'
ઉમ્રભર અસ્તિત્વ ચકરાતું રહ્યું.

અવાજોની એક વિશિષ્ટ દુનિયા છે – રેલવે. આંખો ખૂલી રાખી માત્ર જોયા કરો તો અહીં અનોખાં દૃશ્યોનો કોઈ પાર નથી. એમ આંખો બંધ રાખી માત્ર કાન સરવા રાખી સાંભળતા રહો તો અવાજોની એક અનોખી દુનિયા તમારા ચિત્તમાં ખડી થાય. દૃશ્યો અને અવાજોએ રેલવેને અન્યથી અલગ માહોલ રચી આપ્યો છે, સૌને સમાન રીતે ઉપલબ્ધ વાતાવરણ. ફુરસદ અને મન હોય તો કોઈ પણ સ્ટેશનના પ્લૅટફૉર્મ પરના બાંકડે બેસી જાઓ તો સમય ક્યાં પસાર થઈ જાય તેની સરત ન રહે. અમદાવાદ સરખા ગંજાવર રેલવેસ્ટેશનનાં પ્લૅટફૉર્મ પર કલાકોના કલાક મેં આ રીતે માણ્યા ને પસાર કર્યા છે, તો સણોસરી, ભાડેર, કાંસિયાનેસ અને દેલવાડા સરખાં વેરાન અથવા હર્યાંભર્યાં પણ માનવવિહોણાં સ્ટેશનો પર મેં જિંદગીનો મોટો હિસ્સો રોબિન્સન ક્રૂઝોની જેમ પસાર કર્યો છે. નીરવ એકાંતની ક્ષણોમાં ચિત્તની ટ્રેક પર અંકિત અવાજોની એ બંદિશો રણઝણી ઊઠે છે ને તેની પાછળ દૃશ્યોની વણજાર સ્મૃતિપટ પર પસાર થાય છે. નિર્જન ટાપુ સરખા સણોસરી સ્ટેશને મેં પ્રથમ વાર પગ મૂકેલો ત્યારે હું ડઘાઈ ગયેલો.

('મારો અસબાબ', પૃ.૭૭) – **જનક ત્રિવેદી**







# 'મરક-મરક'ની હાસ્યસૃષ્ટિ

**વિજય શાસ્ત્રી**

'મરક-મરક'ના ૨૦૦૮માં થયેલા પ્રકાશનને લેખકે પુનઃમુદ્રણ નહીં પણ 'નવી આવૃત્તિ' ગણાવ્યું છે કેમ કે જૂની આવૃત્તિઓમાં ત્રણ હાસ્યવાર્તાઓ હતી તેને સ્થાને અહીં ચાર લઘુનિબંધો સમાવાયા છે. આ વાત એટલા માટે મહત્ત્વની છે કે હાસ્યવાર્તા અને હાસ્યનિબંધ વચ્ચે વ્યાવર્તક ભેદ છે એનું સૂચન એમણે અહીં કરી દીધું છે. આપણેત્યાં એક ખોટી સમજ વ્યાપક રીતે પ્રવર્તે છે (ખોટું તરત જ અને બધેબધ ફેલાઈ જતું હોય છે !) કે સાહિત્યના અન્ય પ્રકારો કરતાં હાસ્યપ્રધાન કૃતિઓ લોકો સુધી વધુ પહોંચે છે. ખરેખર એવું નથી. હાસ્યની કૃતિઓ ભણાવતી વખતે ગંભીરતા ધારણ કરીને છેવટ સુધી બેસી રહેતા વિદ્યાર્થીઓ ઓછા નથી. રમૂજી કૃતિઓ પણ મૂજી વાચકોને કશી અસર કરી શકતી નથી. હાસ્ય માટે આવી પરિસ્થિતિ ખરેખર ગંભીર ગણાય. એક પાશ્ચાત્ય વિદ્વાને હાસ્યસંદર્ભે બે પ્રકારના ભાવકો દર્શાવ્યા. ૧. સિરિયસલી હ્યુમરસ અને ૨. હ્યુમરસલી સિરિયસ. પહેલા પ્રકારમાં કદાચ હાસ્યલેખકો પોતે જ આવે. આ જ્યોતીન્દ્ર – બોરીસાગર સુધીના લેખકો કદી પોતે હસતા દેખાયા નથી. (અહીં 'દેખાયા' શબ્દ પર ધ્યાન આપવું.) જ્યારે બીજા વર્ગમાં હાસ્યની છોળો ઊડતી હોય ત્યારે પણ નિર્વિકાર ભાવે અવિચલ રહેનારા લોકો આવે. એમની ગંભીરતા ભારે હાસ્યપ્રેરક હોય છે. મોટા મોટા સત્તાધારીઓની ગંભીરતા હાસ્યની વિપુલ સામગ્રી પૂરી પાડે છે. બોરીસાગરની ઓળખાણ રજનીકુમાર પંડ્યાએ એક જણને કરાવી ત્યારે એ ''ભાઈએ એવું કહેલું કે 'મને હાસ્યાસ્પદ લેખકો બહુ ગમે છે' (જુઓ 'મરક મરક' ચોથી આવૃત્તિ, પૃ. VIII). 'હાસ્યકાર' અને 'હાસ્યાસ્પદ'નો ભેદ પણ ન પાડી શકનારા વચ્ચે હાસ્યકારની સ્થિતિ કેટલી કરુણ બની રહે છે તે કલ્પી શકાય એવું છે. આગળ જતાં લેખકે કરેલું બીજું એક વિધાન (Statement) પણ મહત્ત્વનું છે કે 'મારા લેખો... મુક્ત હાસ્ય પ્રેરવા સમર્થ નથી. (પૃ. IX) પત્નીસંદર્ભે કરેલું એક ત્રીજું વિધાન 'હસવા માટે ઊંચા પ્રકારની બુદ્ધિ જોઈએ' (પૃ. X) પત્નીને બહાને ન હસી શકનાર સૌકોઈને માટે કહેવાયું છે. સંસ્કૃતમાં અન્યોક્તિનો એક પેટા કાવ્યપ્રકાર છે એમાં ભ્રમરને સંબોધીને થતું કથન નાયિકાને માટેનું હોય છે તેવી અન્યોક્તિઓ 'મરક મરક'માં પકડી પાડવી અઘરી નથી તો સહેલી પણ નથી. હાસ્યલેખક- માત્રના આ મોડ્સ ઓપરેન્ડાઇ છે કે એમાં આવતાં કથનો જે પાત્રો માટે થયાં હોય એ પાત્ર પૂરતાં જ સીમિત ન રહેતાં વ્યાપક જનસમુદાયને માટેનાં બની રહે છે. હાસ્યલેખકની વળી એક વધુ કરુણતા એ છે કે હાસ્યલેખો ઝાઝા વંચાતા નથી પણ આ કરુણ પરિસ્થિતિ હાસ્યલેખક માટે તો લાભકારક જ બની રહે છે કેમ કે લોકો તેમના લેખો વાંચતા ન હોવાથી લોકો વિશે તે ઘણું હિંમતપૂર્વક લખી શકે છે !

આ નિબંધોમાં લેખકે પોતાની પત્નીને એક પાત્ર તરીકે ઠેર ઠેર ગોઠવી છે તેમાં ઉપર કહ્યું તેમ ફક્ત લેખકની જ એક(ની એક) પત્નીને નહીં જોવા વાચકોને ભલામણ

છે. પત્ની નહીં, પત્નીત્વ અહીં પાત્ર છે ! જેમ દુષ્યન્ત અને શકુંતલા એ બે પ્રેમીઓની વાતમાં ખરેખર તો દુષ્યન્ત-શકુંતલાનું તિરોધાન થાય છે ને બે (કોઈ પણ બે) પ્રેમીઓ પુરોધાન પામે છે તેમ.

પતિ જૂની વસ્તુઓનો શોખીન છે તેનાથી લગ્નજીવન સુખી થાય છે કેમકે પત્ની પણ જેમ જેમ જૂની થતી જાય તેમ તેમ પતિનો પ્રેમ વધતો જાય છે પણ આવા વિધાનથી પત્ની ગુસ્સે થાય છે કેમકે એને 'પ્રેમ વધતો જાય' એના કરતાં પોતે જૂની થઈ ગઈ છે એ વાત વધારે ડંખે છે !

બોરીસાગરના આ હાસ્યનિબંધો એકસાથે બે સ્તરે ગતિ કરે છે. પ્રથમ સ્તર વિદગ્ધ હાસ્યભાવક માટેનું છે, બીજું વિદગ્ધ અને સરેરાશ બંને પ્રકારના વાચકો માટેનું. 'જૂનું એટલું (૧)' નિબંધમાંથી એક નમૂનો મળે છે. (ઠેર ઠેર નમૂનાઓ તો મળશે) જેમાં –

'મારી પાસે એક સાઇકલ છે.' (પૃ. ૨) આ વિધાન પછી તરત જ બીજું વિધાન આવે કે –

'અત્યારે એ ચાલતી નથી.' પછી ત્રીજું –

'જોકે લીધી ત્યારે પણ એ ચાલતી નહોતી.' પછી ચોથું –

'અચલતાનાં આ બે બિંદુઓ વચ્ચે થોડો કાળ એ ચલિત હતી.'

'અચલતાનાં બે બિંદુ' 'થોડો કાળ' 'ચલિત' જેવા ભાષાપ્રયોગો 'સિરિયસલી હ્યુમરસ'નાં નિદર્શનો છે. ભાષાનો આડમ્બર અહીં સાભિપ્રાયપણે પ્રવર્તે છે. ચાલતી ન હોય એવી સાઇકલનો શો અર્થ ?

એ જ રીતે પુરાણોમાં જે પ્રકારની નિરૂપણશૈલી પ્રયોજાઈ છે તેનો સાઇકલસંદર્ભે થતો વિનિયોગ પણ વિદગ્ધોને જ 'ચરકમરક' હાસ્ય પૂરું પાડે છે. મને કહેવા દો કે હાસ્ય માટેની આવી (પુરાણકથાસદૃશ) શૈલી સામાન્ય ભાવક માટે નથી જ નથી. વિદગ્ધો માટે છે. આખા નિબંધમાં ગંભીર તત્સમપ્રધાન પદાવલિજન્ય હાસ્ય છે તે સાથે જ બીજા સ્તરનું સરેરાશ ભાવક માટેનું પણ (હાસ્ય) છે જ. જેમકે સાઇકલનો અવાજ જ (ચાલતી વખતે) એટલો બધો થતો કે ઘંટડીની જરૂર જ નહીં પડે. વળી તેનું હેન્ડલ એટલું જામ હતું કે 'તેનું હેન્ડલ વાળવા મરણિયા પ્રયાસ કરવામાં આવે તો પણ ગમે તેવી વિપત્તિમાં પણ સાધુપુરુષો પોતાના માર્ગેથી ચલિત થતાનથી તેમ આ સાઇકલ કદી સીધા માર્ગેથી પોતાનું મુખ ફેરવતી નહીં.' (પૃ. ૩) આ સાધુવાળી પ્રકરી સાઇકલ માટે બંધબેસતી કરી આપતો રતિલાલભાઈમાં બેઠેલો હાસ્યકાર વત્તા બહુશ્રુત વિદ્વાન પણ છે. સાઇકલ ભલે ના ચાલી પણ સાઇકલ વિશેનો લેખ સડસડાટ ચાલ્યો ! આપણા વાસતવની સ્થગિતતા, નિષ્ક્રિયતા અને નિર્માલ્યતા હાસ્યકારની આંખે (ને પછી હાથે !) ચલિતતા, સક્રિયતા અને સબળતામાં પરિવર્તિત થઈ જાય છે. રતિલાલભાઈની અને ઓછેવધતે અંશે દરેક પ્રમુખ હાસ્યલેખકની આ ખૂબી છે કે સામાન્ય જનને માટે જે બાબત કે પદાર્થ સામાન્ય જ બની રહે તે તેમને હસ્તે નવું જ પરિમાણ ધારણ કરે. જ્યોતીન્દ્ર દવેએ 'જીભ', 'પેટ', 'છત્રી', 'ઘડિયાળ', 'માંદગી'નાં નવ્ય સ્વરૂપો દર્શાવ્યાં તેમ અહીં સાઇકલનું બને છે.

માનવમન સર્જકમાત્રના કૌતુક આકર્ષણ અને છેવટે આલેખનનો સનાતન વિષય રહ્યો છે. તેનું નિદર્શન ઘડિયાળવાળા લેખમાંથી જડશે. ઉપર નોંધ્યું છે તેમ ઘડિયાળ વિશે સ્વ. જ્યોતીન્દ્ર દવેએ પણ યાદગાર નિબંધ આપ્યો છે. અહીં ફરી એ વાત આવે ત્યારે, 'મરક મરક'ની ચોથી આવૃત્તિના છેલ્લા આવરણ પર મુકાયેલા જ્યોતીન્દ્રના શબ્દો 'કેટલુંક લખાણ તો જાણે મેં જ લખ્યું હોય એવું લાગ્યું છે.' પણ આ વાક્ય વિષયસંદર્ભે જ સીમિત છે. પુરાચર્ચિત વિષયનાં નવાં પાસાં રતિલાલભાઈ જે રીતે અનાવૃત્ત કરી આપે છે તે જોતાં જ્યોતીન્દ્રભાઈનું બીજું વિધાન 'તમારી સર્ગશક્તિ સહજ ને સ્વતંત્ર છે. રસનિર્મિતિ માટે આવશ્યક એવી દર્શનની ને સર્જનની ઉભય શક્તિ તમારામાં સહજ રીતે રહેલી પ્રતીત થાય છે.' યથાર્થ લાગે છે.

તો, આ માનવમનના સંચલનને પારખવાવાળા પ્રસંગને તપાસીએ. લેખકને જૂની વસ્તુઓ ખરીદવાનો ગાંડો શોખ છે એ વાત પહેલાં આવી ગઈ હોઈ, જૂનું ઘડિયાળ ખરીદે છે એ ઘટના સુસંગતિભરી બને છે તેની નોંધ સહજ રીતે જ ભાવક લઈ શકશે. જૂના ઘડિયાળમાં ટકોરાઓ બંધ જ નથી થતા એટલે નવા પડોશીને ઊંઘ નથી આવતી. આ પ્રથમ, સર્વસામાન્ય ગણાય એવી મનની ગતિવિધિ.

લેખક તેમને આશ્વાસન આપે છે કે 'તમે ટેવાઈ જશો' એ બીજી ગતિવિધિ. અહીં એક સૂક્ષ્મ વિચાર પડેલો છે કે દુઃખદ યા કષ્ટકારક પરિસ્થિતિ પણ લાંબો સમય રહે તો માનવમન એનાથી ટેવાઈ જાય છે.

છેવટે climax એ છે કે દુઃખદતાથી ટેવાઈ જાઓ, કષ્ટ કોઠે પડી જાય ત્યારે સુખદ બને છે. 'દુઃખદ' જ 'સુખદ' બને. પછી દુઃખ ગાયબ થઈ જાય તો તેની સાથે સુખ પણ ગાયબ થઈ જાય.

કઈ રીતે ?

એક દિવસ મળસકે સાડાચાર પછી ટકોરાબંધ પડી જાય છે તો પણ પડોશીની ઊંઘ ઊડી જાય છે ! કેમ ?

'મને થયા કરતું કે હમણાં ટકોરો પડશે; એ પડ્યો !' (પૃ. ૬)

આમ સાવ સ્વાભાવિક લાગે એ આખી વાતને નાટ્યાત્મકતા લેખક આપી શક્યા છે. 'મરક મરક'ના નિબંધોમાં રહેલી આવી નાટ્યાત્મક ગતિવિધિઓની નોંધ વાચક અને વિવેચક ઉભયે લેવી જોઈએ.

'જૂનું એટલું (૧)'માં પાત્ર તરીકે એકલદોકલ વ્યક્તિ છે. તે પણ વ્યક્તિ'ઓ' બની રહે છેપણ રતિલાલભાઈના હાસ્યકાર તરીકેના બીજા ઉન્મેષ લેખે તેમનું વ્યક્તિત્વ નહીં) સમૂહનું, જનસમૂહનું નિરીક્ષણ અને આકલન ધ્યાન ખેંચે છે જેનો ઉત્તમ નમૂનો 'સિટિબસ' નિબંધમાં જડે છે.

મથાળું 'સિટિબસ' છે અને વાતની શરૂઆત ગામડું કોને કહેવાય અને શહેર કોને કહેવાય એની ચર્ચાથી થાય ત્યારે દેખીતી રીતે તો વિષયાન્તરમાં લેખક સરી જતા હોવાનું લાગે. મારું માનવું છે કે વિષયાન્તર બીજે ભલે દોષ ગણાતું હોય હાસ્યમાં એ ગુણ જ ગણાય. કેમકે વિષયાન્તર દ્વારા લેખક મુખ્ય (શીર્ષકગત) વિષયને સહવર્તી બાબતોને પણ પરિઘમાં સમાવી લે છે. અહીં નિબંધની શરૂઆતમાં આપણી પ્રવર્તમાન શિક્ષણપ્રણાલીના ઉલ્લેખો છે. બે પાત્રો છે. એક પાત્ર પોતાના રહેઠાણસ્થળને 'શહેર'માં ગણાવવા બોલે છે કે 'આ શહેરમાં બે તો કૉલેજો છે' ત્યારે સામું પાત્ર બોલે છે – 'ભાઈ, કૉલેજો તો

આજકાલ ગામેગામ થઈ ગઈ છે.' (પૃ. ૧૧) આ સંવાદ હાસ્ય કરતાં કટાક્ષનો વધુ બને છે. ગામેગામ કૉલેજો થવા છતાં શૈક્ષણિક સ્તર ઊંચું નથી આવ્યું એ 'વ્યંગ્ય' અહીં એક સ્વાભાવિક લાગતી વાતચીતમાંથી પ્રગટે છે એ બોરીસાગરનો સર્જકવિશેષ છે. આ શું કે અન્ય નિબંધોમાં પણ બોરીસાગર ભાગ્યે જ અતિશયોક્તિ, અતિરંજિતતા કે અસ્વાભાવિક / અવાસ્તવિકતાનો આશ્રય લેતા જણાશે. 'સિટિબસ' નિબંધમાં મૂળ વાત એક પ્રજા તરીકેના આપણા વર્તનની થઈ છે. એક વ્યક્તિ કોઈ સામૂહિક અને / અથવા જાહેર પ્રક્રિયામાં જોડાય છે ત્યારે તેનું જે વ્યક્તિત્વ અન્યથા હોય છે તે પેલા જાહેર, સામૂહિક વર્તનમાં ભળી જાય છે. બસની લાઇનમાં ઊભેલી વ્યક્તિ પોતાની આગળ નજર નાખે છે ત્યારે કારમી નિરાશા અનુભવે છે કે – 'હું કેવો દુષ્ટ, પાપી – નરાધમ કે મારે છેલ્લા ઊભા રહેવાનું આવ્યું... પણ ત્યાં તમે પાછું ફરીને જુઓ છો... તમને થાય છે : આ આટલે દૂર છેલ્લે ઊભેલી વ્યક્તિએ બસ મેળવવાની આશા ગુમાવી નથી તો હું તો એના કરતાં ઘણો આગળ છું, મને તો બસ મળશે જ.' (પૃ. ૧૨)

બહુ મોટી વાત ચિંતનાત્મક ભારેખમ શબ્દના પ્રયોગ વગર થઈ છે. આપણા જાહેર વર્તનની (એટલે કે ઘરની બહાર, જાહેરમાં થતા વર્તનની) સંખ્યાબંધ, સોદાહરણ વિગતો આ નિબંધમાંથી મળશે. ગેરકાયદે બસની લાઇનમાં ઘૂસી જતા મુસાફરનો એક જ દાખલો 'બસ' છે !

'આવા... પ્રવાસીઓ પહેલાં તો દીર્ઘ-સુદીર્ઘ લાઇન તરફ આવી દૃષ્ટિ ફેંકે છે, વચ્ચે ક્યાં જઈને ઊભા રહેવાથી પ્રતિકારની શક્યતા ઓછી છે એનો ક્યાસ કાઢે છે અને પછી ઢીલા મોઢાવાળા બે પ્રવાસીઓની પાસે જઈને ઊભા રહે છે. પોતાની દાનતનો કોઈને ખ્યાલ આવ્યો નથી એની ખાતરી થતાં આમતેમ જોઈ આસ્તેથી તેઓ એક પગ વચ્ચે ઘુસાડે છે, મોઢું બને એટલું નિર્દોષ રાખે છે. એક પગ ઠેરવ્યા પછી એમ લાગે કે પ્રતિકારની શક્યતા ઓછી છે તો પછી ધીમેથી થોડા વધુ અંદર સરકે છે ને અર્ધા લાઇનમાં ને અર્ધા લાઇન બહાર ઊભા રહે છે. આમ છતાંય જો પ્રતિકાર ન થાય તો પછી લાઇનમાં સંપૂર્ણપણે ગોઠવાઈ જાય છે ને થોડી વારમાં તો એ જગ્યા પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કરી દે છે અને બીજા કોઈ વચ્ચે ન ઘૂસે એની કાળજી લેવા માંડે છે.' (પૃ. ૨૧)

છેલ્લું વાક્ય મેં અધોરેખિત એટલા માટે કર્યું છે કે એમાં એક પ્રહાર (punch) રહેલો છે. લુચ્ચા પ્રવાસીની લુચ્ચાઈમૂલક હરકતોનું ક્રમિક વર્ણન લેખકની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિથી ફક્ત હાસ્ય નિષ્પન્ન નથી થતું, કટાક્ષ પણ નીપજે છે. કટાક્ષ માટે કશા આક્રોશમય કાકુનો નહિ પણ કંઈક પ્રશંસાના કાકુનો થયેલો વિનિયોગ આખા વર્ણનને વ્યાજસ્તુતિ અલંકારનો સમર્થ પ્રયોગ કરાવે છે. બોરીસાગરની હાસ્યકટાક્ષરીતિનો આ જ વિશેષ છે. લેશ પણ ઉગ્ર બન્યા વગર, ઊલટું પ્રસન્નતાપૂર્વક માનવીની ધૃષ્ટતા અને ધૂર્તતાને તેઓ ખુલ્લી પાડી આપે છે. Expositionનો આ તરીકો તેમનાં લખાણોની વ્યાવર્તકતા છે.

બોરીસાગરની બહુશ્રુતતા, જ્યોતીન્દ્રસદશ છે. ઝાઝું અંતર પાડ્યા વગર એટલે કે નિર્-અંતર એમનાં લખાણોમાં અન્ય સાહિત્યિક વાચનાઓનાં દૃષ્ટાન્તો, ઉદ્ધરણો ડોકું કાઢતાં રહે છે. એક બે દૃષ્ટાન્તો : 'વાત આ છોડ્યાની ને શરૂ કર્યાની'માં વડીલ લેખક પાસે ચા છોડાવવાની પ્રતિજ્ઞા કરાવે છે. લેખક નોકરી પરથી માત્ર કલાક જ મોડા આવ્યા હોત તો મુરબ્બીનો ભેટો ન થાત અને ચા છોડવાની દુર્ઘટનામાંથી ઊગરી જવાત પણ તેમ ન થયું એ સંદર્ભે લેખક કવિ કાન્તની –

**'થનાર ચીજો નવ થાય અન્યથા' (પૃ. ૨૬)**

પંક્તિ ટાંકે છે. ચા ન પીવાથી ઊંઘ નથી આવતી એમાં પ્રગટતો વિપર્યાસ પણ, દરમિયાનમાં, નોંધી લઈએ. એક જ વાર ચા પીવાની હતી તે સંદર્ભે –

''કલાપીની જેમ મારું હૃદય પણ ઉત્સુક બનીને કહેતું હતું :

**'અરે ક્યારે પેલો કનકમય ભાનુ નીકળશે**
**પ્રિયાનો ભેટો જે કિરણકરથી કાલ ધરશે.'' (પૃ. ૨૭)**

પંક્તિઓ મૂળ સંદર્ભ કરતાં અલગ સંદર્ભમાં Replacement પામતી હોઈ હાસ્યરીતિ તરીકે સ્થાન પામે છે. ઉદાહરણોના મૂળ સંદર્ભોનું થતું આવું સ્થાનાંતરણ યા વિચલન (Deviation) 'મરક મરક'માં નોંધપાત્ર જગ્યા રોકે છે.

'હું સાઇકલ કેમ શીખ્યો' નિબંધનાતો વાક્યે વાક્યે મૃદુ છતાં સબળ હાસ્ય નીપજે છે. કેટલાંક દૃષ્ટાન્તો –

– આપણને સાઇકલ આવડતી હોય તો કામ પડ્યે કોઈ પણ પોતાની સાઇકલ આપે, પણ મને સાઇકલ આવડતી નહોતી એ પ્રસિદ્ધ બાબત હતી એટલે **સૌએ સાઇકલ ન આપવા માટે જુદાં જુદાં બહાનાં બતાવ્યાં.**

– (સાઇકલ શીખવા) માટે મેં પંદર દિવસની રજા પણ લીધી હતી. સાઇકલ શીખવામાં આટલા બધા દહાડાની જરૂર નહીં પડે તે હું જાણતો હતો પણ **કદાચ ધાર્યા કરતાં વધુ વાગે એ ખ્યાલે દીર્ઘદૃષ્ટિ વાપરી મેં લાંબી રજા લીધી હતી.**

– યાહોમ કરીને પડો ફતેહ છે આગે એમ વિચારી મેં સાઇકલ પર ઘોડો પલાણ્યો. **પડવાનું તો જોકે નક્કી હતું, માત્ર આગે ફતેહ છે કે કેમ તે શંકાસ્પદ હતું.** (ત્રણે અવતરણો 'મરક મરક'ની ચોથી આવૃત્તિના પૃ. ૩૨-૩૩ પરથી લીધાં છે. અધોરેખિત મેં કર્યાં છે. **વિ. શા.**)

શ્લેષ હાસ્યકારનું રૂઢ અને પ્રચલિત ઓજાર છે. 'ભોજન વિશે' નિબંધમાં તેનો વિનિયોગ વિસ્તારમય વહોરીને પણ માણવા જેવો છે.

''રસિકભાઈ કરીને મારા એક મિત્ર છે. એમનાં લગ્ન થયાં એ અરસાની વાત છે. લગ્ન પછીના પાંચમા કે છઠ્ઠા દિવસે એમને બહારગામ જવાનું થયું. જતાં જતાં મોટેથી કહે, 'પરમ દિવસે જ પાછો આવું છું એટલે પરમ દિવસે વાત કરવાનું ભૂલતી નહિ.' પતિ નામે જ નહિ, સ્વભાવે પણ રસિક છે એ પત્ની બેચાર દિવસમાં જ જાણી ગયેલી. સૌરાષ્ટ્રમાં 'વહાલ'નો ઉચ્ચાર 'વાલ' થાય છે એટલે 'પત્ની વહાલ કરવાનું ભૂલતી નહીં' એમ સમજી શરમાઈ ગઈ, એણે કહ્યું, 'જરા ધીમેથી બોલોને, પડોશી સાંભળે તો કેવું ખરાબ લાગે !'..... પત્નીનો સુંદર ચહેરો શરમના શેરડા પડવાને કારણે વધુ સુંદર થઈ ગયેલો જોઈ રસિકભાઈને ટ્યૂબલાઇટ થઈ. એમણે કહ્યું : 'ગાંડી, તું 'વહાલ' કરવાનું સમજી ને ? એ તો દરરોજ કરવાનું... ને વાલ એકાંતરે કરવાના સમજી ?' '' (પૃ. ૫૧-૫૨)

હાસ્યમાં શૃંગારને કેટલો અવકાશ એ તો તદ્વિદો જાણે પણ અહીં શ્લેષાર્થે શૃંગાર

પ્રવર્તે છે. વળી પતિ-પત્નીનો સંવાદ પણ લેખક તરફથી વર્ણવાયો હોવાથી પ્રથમ-બીજા પુરુષ એકવચનના કથનકેન્દ્રને સર્વજ્ઞના કથનકેન્દ્રનો લાભ મળે છે પરિણામે સમગ્ર વૃત્તાંત અશિષ્ટમાંથી શિષ્ટ બને છે. હાસ્ય શિષ્ટ-અશિષ્ટની ધારે ધારે નિર્વહણ પામતો રસ છે તેને અશિષ્ટમાં ખાબડતાં અટકાવવામાં લેખકની શિષ્ટ પ્રસંગભોજના વત્તા પદાવલિ પણ ભાગ ભજવે છે. પ્રસ્તાવનામાં લેખકે આ ચોથી આવૃત્તિમાંથી હાસ્યવાર્તાઓ દૂર કરી હોવાની કેફિયત આપી છે પણ 'વાર્તાઓ' ભલે દૂર થઈ હોય, ઉપર નોંધેલા (અને બીજા ઘણા) પ્રસંગમાંથી 'વાર્તાત્મકતા' તો દૂર થઈ લાગતી નથી. 'એક નમ્ર નિવેદન' નિબંધમાં પણ નવલિકાવિશેષાંક માટે પંદર વર્ષ પહેલાંના એક સામયિકમાંથી તફડંચી કરીને મોકલેલી વાર્તાનો મૂળ લેખક સામયિકનો તંત્રી જ નીકળે છે એ ટોપ્સીટર્વી હાસ્યવાર્તાને અનુકૂળ છે. તો 'મોડા ઊઠવા વિશે' નિબંધમાં ઊંઘણશી પિતાને જગાડતી પુત્રી કે પુત્રવાળો પ્રસંગ અભિનયની ક્ષમતાયુક્ત હોઈ નાટ્યાત્મકતા પણ ધરાવે છે.

'મરક મરક'ના નિબંધો ભાગ્યે જ અતિશયતા, આસ્વાભાવિકતા અને અતિરજિતતાનો આશ્રય લેતા જણાય છે. સ્વાભાવિકતાને વશ-વર્તતા આ નિબંધો આ જ કારણે અન્ય તત્સમ સાહિત્યથી અલગ તરી આવે છે.

❒



# સમીક્ષા/ગ્રંથાવલોકન

## 'તખુની વાર્તા' વિશે | નવનીત જાની

['તખુની વાર્તા', અજિત ઠાકોર, નવભારત પ્રકા., ૨૦૦૬, પૃ. ૧૦+૯૪, કિં. રૂ. ૭૫]




અજિત ઠાકોરના પ્રથમ વાર્તાસંગ્રહ 'તખુની વાર્તા'માં તખુના તરુણાવસ્થાના – યુવાવસ્થાના વિવિધ ભાવપક્ષો વાર્તાનો વિજય બનીને આવ્યા છે. વીસમી સદીના આરંભે જોવા મળતું જગત ઘણા પલટા ખાઈને વિછિન્નતા ભણી જઈ રહ્યું છે. વૈશ્વિક અને ભારતીય ઉભય સ્તરે પરંપરિત મૂલ્યો, માન્યતાઓ અને વિચારસરણીઓ કસોટી ઉપર છે. વિલાયતી દવાઓ, ખાતરો, ટ્રેક્ટરો – થ્રેસરો, હાઇબ્રિડ બિયારણ આવતા ખેતી પર વ્યાપારીકરણના વાઘા ચડવા લાગ્યા છે. નાનાં ગામડાંઓ પણ ધીમે ધીમે બજારવાદ- ઉપભોક્તાવાદની લપેટમાં આવી રહ્યા છે. આવા કાળમાં આજનો સંવેદનશીલ માનવી પોતાને એકાકી, નિરર્થ, અસફળ અને મૂળસોતો ઊખડેલો અનુભવે જ.

સામંતશાહી જમાનામાં માનપાન મેળવતો એક જાતિવિશેષ વર્ગ રજવાડાના ... ઝપટે ચડી ગયો. સાલિયાણાં ગયાં. જમીનટોચ- મર્યાદાએ જાગીરદારોના હડાળા-ખાટ ઉખાડી નાખ્યાં. બાપદાદાનો ગરાસ ગયો પણ પેલો કેફ ન ઉતારી શકાયો. પૂર્વેના માનમોભા ગુમાવી સાંપ્રત સમાજમાં ઓશિયાળાં રહેવાની નોબત આવી. પરિણામે હતાશા અને કુંઠાઓએ ઘર ઘાલ્યાં. પીડા કરતાં વધુ તો બધું છૂટી ગયાનો વસવસો, રોષ અને એમાં જ રાચતા રહેવાની શાહમૃગી વૃત્તિ જીવતરનો હિસ્સો બની ગયાં. 'નખ' વાર્તામાં એક જગ્યાએ તખુ કહે છે, ''મારા બાપુજી કે'તા : આપણે તો દિલ્લીના રાજા પૃથ્વીરાજ ચૌહાણના વંશજ. ડોડગઢ જીતેલો એટલે ડોડિયા કહેવાયા. સોંસક, બરકસ ને સેગવા એ ત્રણ ગામના ધણી હતા અમે. દાદા ફેંટો બાંધી સાલિયાણાં લેવા જતા... જવાહરની છોકરી ઇંદિરાએ દગો દઈ સાલિયાણાં બંધ કર્યાં.'' (પૃ. ૪૫) છૂટી ગયેલા ભવ્ય ભૂતકાળ સાથે આવી પડ્યું છે જે – અભાવ, અલગાવ, મૂલ્યસંક્રમણ અને કૌટુંબિક-સામાજિક સંબંધોમાં પ્રવેશી ગયેલી શુષ્કતા વગેરે 'તખુની વાર્તા'નું ભાવવિશ્વ છે.

'પોપડો' વાર્તામાં બાપદાદાનું જૂનું ઘર વેચવા બેઠેલા ભાઈઓ અને સગાંના સ્વાર્થપણા, લુચ્ચાઈને વાર્તાકથક તખુ બહુ નજીકથી નિહાળે છે. 'એ તો બા'રનો બા'ર છે, એને હું પૂછવાનું ?' – કહીને કોઈ એને પોતાનાં ઘર-વતન માટે પોતે ઘણો અજાણ્યો–પરાયો થઈ ગયો છે. 'ભીંગારો' વાર્તા તખુના વયસંધિકાળના આવેગ અને જિજ્ઞાસાને તાકે છે. અહીં જે રીતે તખુની પ્રેમભ્રાંતિનો ભીંગારો ખરી પડે છે ને એની લાગણીને ઠેસ પહોંચે છે એ જોતા કિરીટ દૂધાતની વી. એમ. વાર્તા યાદ આવી જાય છે. 'ગૂમડું' વાર્તામાં ખેતર

વેચવાની વાત છે. ભાઈઓને પોતપોતાના વ્યવસાય ઠીક કરવા છે. સૌની એક આંખ બાપે બચાવેલા ખેતર ઉપર છે તો બીજી આંખ તખુની આવક ઉપર. લાગણીનો શૂન્યાવકાશ એવો કે, નાયકને ઘૂંટણે થયેલી નાની ફોલ્લી એને ઘર આખામાં ગંધાતાં ગૂમડાંનો અનુભવ કરાવે છે. અપેક્ષાના ભારથી દબાયેલો વાર્તાનાયક આખા ઘર માટે ઇચ્છાપૂર્તિનું સાધનમાત્ર થઈને રહી ગયો છે એનું સંકુલ આલેખન વાર્તાને આસ્વાદ્ય બનાવે છે. 'ભમરી' આ સંગ્રહની એક ઉત્તમ વાર્તા છે. ગલાલબાને મન તેજુબા 'ભમરી'થી વિશેષ કશુંય નથી. ગલાલબા અને તેજુબા વચ્ચે રહેંસાતા તખુ માટે એ અણધાર્યો આંચકો છે, જ્યારે એ જાણે છે કે તેજુબા એની સગી મા છે. તેજુબાના અવસાન બાદ, ગલાલબાના કહ્યે બાપુજી દ્વારા પોતાના ફોટા પર ભમરીનું દર ઉખેડાતું એ જોઈ રહે છે. 'પોપડી ભેગું ઊડી પડ્યું એવું ઇયળ બચ્ચું અમળાતું' – એ અંતિમ વાર્તાવાક્યના સંકેત દ્વારા તખુની પીડા અને વિચ્છિન્નતાનું બયાન થયું છે. 'ભમરી' વાર્તામાં રજૂ થયેલી માનવમનની કુંઠાનું અનુસંધાન જાળવતી વાર્તા છે 'કરેણ.' ગુલાલબા – તેજુબા વચ્ચેના સંબંધોમાં પ્રવેશેલાં દ્વેષ-વહેમ-અંધશ્રદ્ધાને કારણે માત્ર કરેણને જ ઊખડવાનું નથી આવ્યું, એક વ્યક્તિ પણ જીવનરસમાંથી ઊખડી ગઈ છે, આ વાર્તા બાદ 'ભમરી' વાર્તા વાંચતાં આપણને એ સહજ સમજાય છે. અહીં કરેણ તૂટતા જતા સંબંધોનું પ્રતીક બને છે. 'માવઠું' વાર્તા અવૈધ સંબંધથી વિશેષ – એવા કોઈ સંબંધ પારના સ્મૃતિગત સંવેદનને કારણે ઊભી થતી નીતિમત્તાના ટેકે ટકેલી વાર્તા છે. ભાભી સાથેના શારીરિક સંબંધમાંથી કથાનાયક ઊગરી જાય છે એ માત્ર ને માત્ર ભાભીને કારણે જ. આવેગમય પળે દિયરે ભાભીના કાનની બૂટ પસવારી ન હોત તો શક્ય છે ભાભીએ એને ધક્કો મારી દૂર હડસેલ્યો ન હોત. કાનની બૂટ દબાવતા દિયરમાં ભાભીને એના નાનાભાઈની ઝાંખી થાય છે. એ સ્મૃતિની ટશર અને બીજી ક્ષણે સ્વસ્થતા આણી ઉભય પક્ષે ઊગરી જવાની ક્ષણની આ વાર્તા છે.

'અંગૂઠો', 'રજોટી' અને 'રીવેટ' એક ગોત્ર – વસ્તુસંધાન ધરાવતી વાર્તાઓ છે.

જૂનાં માન-મોભા ભાંગતા એક વર્ગ જાણ્યે-અજાણ્યે સત્તા અને ચૂંટણીની સાંઠમારીનો હાથો બનતો ગયો. એની પાછળ આ વર્ગનો સ્વાર્થ એટલો જ કે પાછળ છૂટી ગયેલા સામંતશાહી જીવનના વિવિધ આયામોને તત્કાલીન નિયતિ સાથે મોતમાં લાવી શકાય. ભા સાહેબ આવા વર્ગનું પ્રતીક છે. તખુના બાપુ અને દાડિયો પાંચો ભા સાહેબ દ્વારા શોષણ પામ્યા છે. ભા સાહેબના શોષણ-દમનનો તખુ-પાંચાને કશો ખ્યાલ નથી એવું આપણને લાગે પરંતુ ભા સાહેબના થ્રેસરને ગાડામાંથી ઉતારતી વખતે જે રીતે અચાનક પાંચા તરફથી ધક્કો આવે છે અને થ્રેસરનો હાથો 'મરડાઈ' જાય છે એથી વાચક સ્તબ્ધ થઈ જાય છે. અહીં થ્રેસરથી ચગદાતો તખુનો અંગૂઠો અને ખાતાવહીમાં – ભાસાહેબની બદદાનતમાં ઉધારાઈ ગયેલો પાંચાનો અંગૂઠો સરખી વેદનાને વ્યસ્ત કરે છે. 'રજોટી'માં ગામલોકો માને છે કે ભા સાહેબે આણેલું થ્રેસર પોતાને પણ ક્યારેક કામ આવશે. પરંતુ એ આશા ઠગારી નીવડે છે. ભા સાહેબથી ત્રસ્ત થયેલા લોકોનો આક્રોશ તખુમાં સંક્રમણ પામી અંતે ભા સાહેબના અનપેક્ષિત વર્તનમાં ખોવાઈ જાય છે. વાર્તામાં થ્રેસરથી ઊડતી રજોટી અને થ્રેસરની કામગીરીના વર્ણનમાં વાર્તાકારે સારી કલ્પનાશક્તિ કામે લગાડી છે. 'રીવેટ' બાળપણના બે મિત્રમાં સમય જતાં આર્થિક સધ્ધરતાએ લાવી દીધેલા વર્ગભેદ ને વૈરભાવને વ્યક્ત કરે છે. આ વાર્તામાં ભા સાહેબના શોષણખોર અને અમાનુષી વ્યક્તિત્વનો જરા વધુ પરિચય મળે છે, એથી વિશેષ કશું નહીં. આ વાર્તાની તુલનાએ આગળની બે વાર્તા વધુ સક્ષમ છે. 'દૂંટી' વાર્તામાં ઘર વેચવાની પેરવીમાં પડેલાં પુત્રોને જોઈ આઘાતમાં સરી પડેલા બાને ભાનમાં લાવવાના પ્રયત્નોમાં મુકાતા ભાઈઓ આ પરિસ્થિતિમાં અરસપરસના અતીતની પડખેય મુકાય છે. વાર્તાની વિશેષતા એનાં ત્રણ કથનકેન્દ્ર છે. તખુના મુખે બે વાર અને બાધર-ખુમાનના મુખે એક-એક વાર વાર્તાકથન થયું છે. બાને લઈને દવાખાનેથી પાછા ફરતા ભાઈઓ એક પછી એક, બા પાસેથી છટકતા જાય છે. આ વાર્તામાં બધું માંડીને કહેતા હોવા છતાં લેખકે મા પ્રત્યેના પુત્રોના વર્તનનું ચિત્ર જે ભાવાત્મક તટસ્થતાથી દોરાયું છે એને કારણે આ એક સારી વાર્તા બની આવી છે. આ ઉપરાંત 'નખ', 'ખરજવું' સંગ્રહની અન્ય વાર્તાઓ છે.

'તખુની વાર્તા'માં કલ્પન-પ્રતીકનો વિનિયોગ મુખ્ય વાર્તાપ્રયુક્તિ બની રહે છે. વૈયક્તિક સંવેદનાનું બાહુલ્ય ધરાવતી આ વાર્તાઓ અંતર્મનનાં નિરીક્ષણોથી વિશેષ પરિવેશના નિરૂપણ ઉપર નિર્ભર છે. આખા સંગ્રહમાં વસ્તુ-પરિવેશસંદર્ભે અલગ પડી જતી 'અંગૂઠો' અને 'રજોટી' વાર્તાઓ જોતાં જણાય છે કે વાર્તાકાર ભવિષ્યમાં આવી કંઈક બિનઅંગત વાર્તાઓ આપશે, આપવી જોઈએ. આ સંગ્રહની બારે વાર્તામાં સામાન્યતઃ કુટુંબ-સમાજજીવનના તણાવો, એક તરફ વતન તરફની ખેંચતાણ અને બીજી બાજુ અનુભવાતા ઉપેક્ષા-અતડાપણું, ભાઈઓ-સ્વજનો વચ્ચે ગૂપચૂપ બેસી ગયેલો ભૌતિકવાદ અને પ્રગટતાં સંકુચિત મનોવલણો પરિવેશના ખાસા સંકુલ ચિત્રણથી ઘણાં પ્રતીતિકર બન્યાં છે. વાર્તાકારે વસ્તુસામગ્રીની ભરમાર ખડકી સંવેદનાને વળ ચડાવવાનો પ્રયાસ કર્યો છે. કલ્પન-પ્રતીકો આ માટે કારગત નીવડી આવ્યાં છે જરૂર, પણ બધી જગ્યાએ એ પ્રભાવક પરિણામ નથી આપી શક્યા એય નોંધવું રહ્યું. ઘટનાવિકાસમાં આ વાર્તાકાર કલ્પનપ્રતીકનો આશ્રય લે છે તો કથન-ભાષા અન્વયે બોલીનો. આ વાર્તાઓમાં સૂરત – માંડવી – કીમ વિસ્તારની બોલી યોજાઈ છે એનો અદ્દલ સ્વાદ પણ મળે છે.

તખુનું એક અલગ વ્યક્તિત્વ સાથે, ઘર-વતન પ્રત્યેના અપેક્ષિત નિર્વ્યાજ ભાવ મશે ટકવું કેટલું દુષ્કર અને ભીંસ આપનાર છે એ આ વાર્તાઓ વાંચતાં પમાય છે. ઉદારીકરણે, યાંત્રિકીકરણે, બજારીકરણે માનવીય સંવેદનાને ગજા પ્રમાણે વેતરવા માંડી છે. જીવનપ્રણાલી બદલાતાં રૂઢ માનવ આ જગતમાં ગોઠવાઈ શકતો નથી. વાર્તાઓમાં ઉલ્લેખાતાં સોફ્રામાઇસીન ટ્યૂબ, ટી.વી. સિરિયલો, છાપાં, સ્પ્રે, ડૉનેશન, બૅંકલોન, ખેતીલોન, સ્કૂલ એડમિશન, નર્મદા યોજના, હાઇવેના સાઇનબોર્ડ, હૉર્ડિંગ્સ, કૉલગેટ, શિકાકાઈ, શેમ્પૂ બદલાતા જગતના સંકેતો છે. જીવનસંદર્ભે સામાજિક-વ્યક્તિગત મૂલ્યોમાં આવેલો બદલાવ, લેખકને અંગત જીવનના અનુભવો યથાતથ રજૂ કરવાનો રસ્તો બનાવી રહ્યો છે ત્યારે અન્ય લેખકોની જેમ આ લેખક પણ એમાંથી બાકાત નથી રહ્યા. એકસાથે આ વાર્તાઓ વાંચતાં, લગભગ એક જ વાતાવરણ, એક જ પાત્રો, અલબત્ત જુદી જુદી તાસીરનાં, એકસરખી પાત્રબોલી, સંવેદનાજગત, વિષયવસ્તુ, નિરૂપણનીતિ વગેરેની એકવિધતા લાગી શકે. એમ છતાં, આ સંગ્રહના પ્રકાશન દ્વારા એક સશક્ત વાર્તાકાર આપણા વાર્તાસાહિત્યમાં પોતાનો માગ લે છે એ હરખાવાની વાત કહેવાય.

## પરોક્ષે-પ્રત્યક્ષે : અતંદ્ર સાહિત્યસેવીનો ગાઢ સંસ્પર્શ ધરાવતા લેખો

પારુલ કંદર્પ દેસાઈ

[**'પરોક્ષે-પ્રત્યક્ષે'** : રમણ સોની, ૨૦૦૪, પ્ર. લેખક પોતે, પૃ. ૧૭૫, કિં. રૂ. ૧૧૦/-]



ગ્રંથસમીક્ષાના સામયિક 'પ્રત્યક્ષ'નું સંપાદનકાર્ય એ રમણ સોનીની આગવી ઓળખ છે. સંપાદક તરીકેની બાર વર્ષની કામગીરી પછી 'પ્રત્યક્ષ'ની સંપાદકીય નોંધ 'પ્રત્યક્ષીય'માંથી ચયન કરેલાં લખાણો 'પરોક્ષે-પ્રત્યક્ષે'માં ગ્રંથસ્થ થાય છે. સંપાદકીય નોંધ એ કોઈ પણ સાહિત્યિક સામયિકનું મહત્ત્વનું અંગ છે. કહો કે તત્કાલીન સાહિત્યિક પ્રવૃત્તિઓનું દર્પણ છે. રમણ સોની 'નિવેદન'માં જ સ્પષ્ટ કરે છે કે ''શરૂઆતથી જ એવું વિચારેલું કે કેવળ પ્રાસંગિક નોંધો કરવાને બદલે સાંપ્રત સાહિત્યિક સંચલનોમાંથી કોઈ મુદ્દો લઈને એનો વિમર્શ કરતા રહેવું – સ્પષ્ટ દૃષ્ટિકોણ મૂકી આપવો.'' આવા ચોક્કસ અભિગમથી લખાયેલા સંપાદકીય લેખોને તેમણે લખ્યું એટલું બધું જ સંગ્રહસ્થ કરવું એમ નહીં, પણ ચયન કરીને, વિષયાનુસાર વિભાજન કરીને મૂક્યા છે. તદ્અનુસાર, 'લેખકસંદર્ભ', 'ગ્રંથસંદર્ભ', 'સંપાદનો અને સંચયો', 'પરિસંવાદો અને સંમેલનો', 'સમીક્ષાપ્રવૃત્તિ', 'સાહિત્યપ્રવૃત્તિ' અને 'ચર્ચાગોષ્ઠિ' – એવા સાત વિભાગોમાં રમણ સોનીની રુચિની વ્યાપકતા તેમ જ સર્વગ્રાહિતા જોઈ શકાય છે. સાહિત્યની ઘટનાઓ અને સમસ્યાઓ, સાહિત્યિક પ્રવાહોની બંધાતી-બદલાતી જતી આબોહવાનો એક જીવંત અને સમૃદ્ધ આલેખ અહીં મળે છે. અહીં ઉત્તમની પ્રશંસા તેમણે પૂરી મોકળાશથી કરી છે તો નબળાને નબળું પણ કોઈનીય શેહ-શરમમાં આવ્યા વિના બેધડક કહ્યું છે. આ બધાની પાછળ સાહિત્યપદાર્થ વિશેની સાચી ખેવના અને નિષ્ઠા જોવા મળે છે. એક અતંદ્ર સાહિત્યસેવીનો ગાઢ સંસ્પર્શ ધરાવતા આ લેખો ભવિષ્યમાં ય મૂલ્યવાન બની રહે એવું વિત્ત ધરાવે છે

'લેખકસંદર્ભ'માં મેઘાણી, પ્રમોદકુમાર પટેલ, ભાયાણીસાહેબ, ભોગીલાલ ગાંધી, દિગીશ મહેતા, જયંત કોઠારી વિશે લખાયેલા લેખો છે. તેમાંથી 'મેઘાણી અને સાહિત્યિક પત્રકારત્વ' સિવાયના બાકીના શ્રદ્ધાંજલિલેખો છે. આ શ્રદ્ધાંજલિલેખો સર્જકવ્યક્તિત્વ અને લાક્ષણિકતાઓને પ્રગટ કરતા સ્વાધ્યાયલેખો બની રહે છે. જયંત કોઠારીના વિવેચક, સંશોધક, વક્તા કે શિક્ષક તરીકેના લાક્ષણિક વ્યક્તિત્વનો પરિચય કરાવતા એક જ વાક્યમાં તેમનો વિશેષ નોંધે છે : ''અપ્રમત્ત સ્વાધ્યાયની એકાગ્રતા અને તેજસ્વી બૌદ્ધિક ક્ષમતાથી પ્રગટતી કુશાગ્રતા તેમના આ ઉત્કૃષ્ટ વિદ્યાકાર્યનું રહસ્ય છે અને કદાચ એ જ એમની, નવા અભ્યાસીઓ માટે, એક મોટી પ્રેરકતા પણ બની શકે એમ છે.'' (પૃ. ૩૩) ભાયાણી-સાહેબ વિશેના લેખમાં ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'ભાષાવિમર્શ' સામયિકના સંપાદક તરીકેની કામગીરીનો સંક્ષિપ્ત પણ સઘન અહેવાલ મળે છે. જેમાંથી સંપાદનનો એક આદર્શ ઊભો થાય છે. ભોગીલાલ ગાંધી અને દિગીશ મહેતા વિશેના લેખોમાં તેમના લાક્ષણિક વિશેષો ટૂંકમાં દર્શાવી અનુક્રમે 'મિતાક્ષર' અને 'ઇંગ્લીશ, ઇંગ્લીશ' જેવાં મહત્ત્વના પુસ્તકોનો મર્મગ્રાહી પરિચય કરાવે છે. આ લેખોની શૈલીમાં ઉષ્માથી સભર સ્પર્શ પણ અનુભવાય છે. 'ગ્રંથસંદર્ભ'માં એવા ગ્રંથો વિશે વાત થઈ છે જે એમને વિત્તવાળા લાગ્યા હોય. જેમ કે 'બૃહત્ પિંગળ'નું ચાર દાયકે થયેલું પુનઃ પ્રકાશન કે 'જૈન ગૂર્જર કવિઓ'ની સંશોધિત આવૃત્તિની ઊલટભેર નોંધ લે છે. સાથે એમને પ્રશ્ન થાય છે કે 'આપણા સમયનું જે વિદ્યાકીય વાતાવરણ છે એમાં આવા કાર્યની પ્રસ્તુતતા કેટલી ?' (પૃ. ૫૬) લંડનની 'વૉટરસ્ટોન ઍન્ડ કંપની' નામની પુસ્તકવિક્રેતા પેઢીએ બ્રિટનભરમાંના પ્રકાશકોના સહયોગથી પ્રગટ કરેલી સૂચિની બીજી આવૃત્તિ 'વૉટરસ્ટોન્સ ગાઇડ ટુ બુક્સ' (૧૯૮૮) વિશે કોઈને પણ એ પુસ્તક જોવા પ્રેરે એવો પરિચય કરાવ્યો છે. સૂચિગ્રંથ કેવો હોવો જોઈએ એનો આદર્શ પૂરો પાડતા આવા અમૂલ્ય પુસ્તક તરફ આંગળી ચીંધવાનું મહત્ત્વનું કાર્ય તેમણે કર્યું છે. કિશોર જાદવે કરેલા સમકાલીન ગુજરાતી વાર્તાકૃતિઓના અંગ્રેજી અનુવાદોનું સંપાદન 'કોન્ટેમ્પરરી ગુજરાતી શૉર્ટ સ્ટોરીઝ : એન એન્થોલૉજી'ને આ પ્રકારના અલ્પસંખ્ય અનુવાદ-સાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો છે એવું નોંધીને, દરેક વાર્તાનો મૂળ સ્રોત, પ્રકાશનવર્ષ, વાર્તાનાં મૂળ શીર્ષક, અનુવાદકોનાં નામ રહી જવાં જેવી ભૂલો નોંધે છે. 'પ્રત્યક્ષ'માંના આ લેખ પછી એ વિશે કિશોર જાદવના ખુલાસાની ચર્ચા કયા અંકમાં છે અને બીજી આવૃત્તિમાં અનુવાદકોનાં નામ તેમજ વાર્તાનાં મૂળ ગુજરાતી શીર્ષક સામેલ કરી દેવામાં આવ્યા છે એવી નોંધ મૂકવાનું ચૂકતા નથી.

'સંપાદનો અને સંચયો', 'પરિસંવાદો અને સંમેલનો', 'સમીક્ષાપ્રવૃત્તિ', 'સાહિત્ય-પ્રવૃત્તિ' જેવા વિભાગોમાં આપણી સંપાદનપ્રવૃત્તિ, સમીક્ષાપ્રવૃત્તિ, સાહિત્યિક પ્રવૃત્તિ તેમજ પરિસંવાદો વિશેનાં ધારદાર નિરીક્ષણો છે, ટીકા-ટિપ્પણીઓ છે, ક્યાંક આક્રોશ છે, વ્યંગબાણ છે, ફરિયાદ છે પણ તેમાં કટુતા નથી, સાહિત્યપદાર્થ વિશેની નિસબત છે, ચિંતા છે. ઝટપટ થતાં સંપાદનોમાં 'ન કોઈ પૂર્વયોજના, ન સ્પષ્ટ પ્રયોજના, ન કશી વ્યવસ્તા' (પૃ. ૬૧)ને કારણે ઊભા થતા પ્રશ્નોની ચર્ચા સાથે સંપાદકે કેવી કેવી કાળજી રાખવી જોઈએ તેનું ઉપયોગી માર્ગદર્શન છે. 'મારી હકીકત' અને 'ભદ્રંભદ્ર' એ બે કૃતિઓને અનુષંગે કૃતિસંપાદનના ગંભીર પ્રશ્નોની ઉદાહરણો સાથે છણાવટ કરી છે. ૧૯૯૫ની કવિતાના સંપાદન નિમિત્તે સાંપ્રત કાવ્યસર્જનપ્રવૃત્તિ વિશેનો અનુભવ આકરા બનાવી લખાવે છે : '''થોકબંધ રચનાઓ' નરી પદ્યરૂપ છે. અરે, સરખું પદ્યરૂપ પણ એમાં નથી. છંદ-રેખાઓ અને સંધિ-આવર્તનો અવરોધ પામ્યા કરતાં હોય ને લયમાં ગાબડાં પડ્યે જતાં હોય એને પદ્ય પણ કેવી રીતે કહેવું ? એમ થાય કે કાન વગર જ કેટલાક સજ્જનોએ કવિતા કરવાનું હાથમાં લઈ લીધું છે. મર્મલક્ષી સૌન્દર્યરચના તો એમનાથી જોજનો દૂર.'' (પૃ. ૬૯) પરિસંવાદો અને સંમેલનો વિશેનો તેમનો પ્રતિભાવ પણ આ વિભાગના લેખોનાં શીર્ષક 'પરિસંવાદો : બહુ બહુ હવામાં વહી ગયા...' કે 'ઉપલબ્ધિઓની બાદબાકી'માં ધ્વનિત થાય છે. શતાબ્દીસમારોહો તેમને લેખકનું પુનર્મૂલ્યાંકન કરનારા કે વિદ્યાકીય ચર્ચાસત્રો થવાને બદલે 'લટકતા – લહેરાતા શિથિલ છેડાઓ વાળા ને કેવળ વિધિનાં છોગાંવાળા કાર્યક્રમ' આગળ જ અટકી જતાં લાગે છે.'' (પૃ. ૮૬) 'લેખકસંદર્ભ' અને 'ગ્રંથસંદર્ભ' વિભાગમાંના વિધાયક ચિત્રની સામે આ વિભાગોમાં સાંપ્રત સાહિત્યપ્રવૃત્તિની બીજી બાજુ પ્રગટે છે, પણ એમનો અભિગમ નકારાત્મક નથી. એવું લાગે કે રમણ સોનીએ અહીંયાં સતત 'જાગતે

રહો'નો લલકાર કરતા એક જાગ્રત પ્રહરીની ભૂમિકા ભજવી છે. અંગ્રેજીમાં પ્રકાશિત થતા ત્રણ ભારતીય સમીક્ષા-સામયિકો 'ધ બુક રિવ્યૂ', 'ઇન્ડિયન રિવ્યૂ ઑફ બુક્સ' તથા 'બિબ્લીઓ'નો પરિચય કે જયંત મેઘાણીના સંપાદનકાર્યનો પરિચય ઉજ્જ્વળ દૃષ્ટાંતો બની આવે છે.

'પ્રત્યક્ષ'ના આરંભ સમયે લખાયેલો લેખ 'લેખક-પ્રકાશક-વાચક-સમીક્ષક વચ્ચેનું સંપર્કસૂત્ર', 'પ્રત્યક્ષ'નાં પાંચ વર્ષ પછી લખાયેલો લેખ 'સ્થિરતા ઇષ્ટ છે, સ્થગિતતા નહીં' તેમ જ છેલ્લો વિભાગ 'ચર્ચા-ગોષ્ઠિ'માંની ત્રણ સંપાદકો સાથેની ગોષ્ઠિમાં રમણભાઈના સંપાદકીય વલણનો એક ચોક્કસ નકશો મળે છે. 'પ્રત્યક્ષ'ના પ્રથમ અંકમાં જ તેમણે પુસ્તકપરિચય અને પુસ્તક-પરીક્ષણ – બંને બાબતો પર ભાર મૂક્યો હતો. આ આખીય પ્રવૃત્તિને એક બૃહદ્ ફલક પર વિસ્તારવાનો તેમનો ઉદ્દેશ પણ અહીંયાં સ્પષ્ટ થાય છે. ડંકેશ ઓઝા સાથેની મુલાકાતમાં 'પ્રત્યક્ષ'ના પ્રકાશન અંગેના પ્રશ્નોના ઉત્તરમાં, ગ્રંથસમીક્ષાના સામયિકની અનિવાર્યતા, સામયિક સંપાદન કરતાં અનુભવેલી મુશ્કેલીઓ અને સૌના સાથ-સહકારથી મળતો સંતોષનો અનુભવ, 'પ્રત્યક્ષ' માટેની ભાવિ યોજના વિશે મોકળા મને વાત કરી છે. 'ઇન્ડિયા ટૂડે'ના સાહિત્યવિશેષાંક માટે વીનેશ અંતાણીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં સળંગ લેખ રૂપે ગુજરાતી સાહિત્યની વર્તમાન પરિસ્થિતિ વિશે ચર્ચા કરી છે. હર્ષદ ત્રિવેદીએ 'શબ્દસૃષ્ટિ'ના વિશેષાંક માટે પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં વિવેચન – સંશોધન, સંપાદન અને વર્તમાન સાહિત્યસ્થિતિ અંગેના વિચારો પ્રગટ થયા છે.

રમણ સોની એમની ગદ્યશૈલી દ્વારા ભાવકને પણ પોતાની ચિંતામાં સાંકળતા રહ્યા છે અને વેધક પ્રશ્નો પૂછતા રહ્યા છે. જેમ કે, ''વિદ્યાર્થીઓ સામે આપણે જૂની શિષ્ટ કૃતિઓ આવે સ્વરૂપે મૂકવાની ?'' (પૃ. ૬૭), 'અત્યારે આવા થોડાક નવઅભ્યાસીઓની એક સૂઝસમજવાળી ને નિર્ભીક પેઢી ઉદીયમાન થઈ રહી જણાય છે ત્યારે પેલી સામાજિક દૂષિતતાને બહાર રાખતું નરવું ને ઉત્તેજનાપૂર્ણ વાતાવરણ રચવાની દિશામાં ઊહાપોહ કરવા આપણે તૈયાર છીએ !'' (પૃ. ૧૦૫) તો ગદ્યની આ છટા આકર્ષક બની રહે છે. ''ઉપલબ્ધિઓની બાદબાકી થતી રહે છે ને મિલન શેષ રહી જાય છે. જાણે કે, મળવાનું થાય છે ને કશી વાત જ થઈ શકતી નથી...' (પૃ. ૮૫) 'અસહ્ય મુદ્રણયંત્રણા' લેખનું ગદ્ય પણ આ રીતે નોંધપાત્ર છે. ગોધરા હત્યાકાંડના દિવસોનાં વર્તમાનપત્રો વાંચી વાંચીને ઉદ્દ્ભવેલી વ્યથા-વેદના અહીં તારસ્વરે પ્રગટ થઈ છે. સમગ્ર ગ્રંથમાં આ લેખ એની સામગ્રી અને અભિવ્યક્તિને કારણે જુદો પડી આવે છે. આમ, રમણ સોનીની આ સંપાદકીય નોંધો માત્ર દર્પણ નહીં, પણ નજરે ન દેખાતી ઝીણી ઝીણી બાબતોને મોટી કરી દેખાડતું, પરોક્ષે રહેલાને પ્રત્યક્ષ કરી દેખાડતું સૂક્ષ્મદર્શક યંત્ર બની રહે છે.

## એક ઊર્મિભર્યું પ્રવાસવર્ણન   ડૉ. લવકુમાર દેસાઈ

**[લાગણીનો દસ્તાવેજ** : ડૉ. પ્રતાપ પંડ્યા, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ ૨૦૦૫, કિં. રૂ. ૧૦૦/-]

આજીવન શિક્ષક, કેલવણીકાર અને સમાજસેવક એવા પ્રતાપભાઈ પંડ્યાએ અનેક સંઘર્ષોમાંથી પસાર થઈ ચારે સંતાનોને ઉચ્ચશિક્ષણ આપ્યું. તેમાંથી મનીષા અને ગૌરાંગ સ્વબળે અમેરિકામાં ઉચ્ચપદે પહોંચ્યાં. બંને સંતાનોએ આગ્રહ કરીને માત-પિતાને વિદેશયાત્રાએ બોલાવ્યાં. ૬૧ વર્ષની ઉંમરે પ્રતાપભાઈની આંખોમાં વિસ્મયનો ભાવ જળવાયો છે. તેનો નિખાલસ એકરાર આમ કર્યો છે :

'અમે તો અડતાલા અને તરવડા વચ્ચે જ જિંદગી પસાર કરી છે, અને અણસમજથી સમજણ સુધીની યાત્રા કરી છે. એટલે અમે અમેરિકાનાં શહેરો, સમુદ્ર, પ્રકૃતિ અને માનવસર્જિત આશ્ચર્યોથી આનંદિત થયાં છીએ, એક નાના બાળકની આંખોમાં રહેલ આશ્ચર્યની જેમ.' (પૃ. ૧૬૪) એટલે લેખકે જીવનકિતાબનાં અને માણ્યું તેનું સ્મરણનાં પાનાં ઉકેલ્યાં છે.

૩૦ પ્રકરણમાં અમેરિકાયાત્રાનો દસ્તાવેજ છે. લેખકે રસળતી પત્રશૈલીમાં આલેખન કર્યું હોવાથી આસ્વાદ્ય બન્યો છે. અમેરિકન અને ભારતીય સંસ્કૃતિના તુલનાત્મક સંદર્ભો પ્રગટાવ્યા છે. રમણીય શહેર સોલ્ટલેક સીટીમાં આવેલ ગંદું, ખારું, બિનઉપયોગી તળાવની વાત કરતાં તેઓ મહાભારતના શાપિત સરોવર અને યક્ષપ્રશ્નની કથાને સાંકળે છે; કે બે વિશાળ પર્વતોને તોડીફોડી અમેરિકાએ જલસંપન્ન નદીને વળાંક આપી ખેતીમાં પરિવર્તન આણ્યું તે જોઈ લેખક ભગીરથની વાત છેડે છે.

બાળકોમાં અતિપ્રચલિત એવી એનિમેશન અને ડિજિટલ ફિલ્મોની વાત લેખક આ રીતે મૂકે છે : 'આપણે ત્યાં જીવરામ જોષીએ બાળકોને મિયાં ફૂસકી, છકો-મકો, છેલ અને છબો જેવાં ચિરંજીવ પાત્રો દ્વારા વાર્તાઓ આપી... એવાં ચિરંજીવ પાત્રો લઈને આવે છે વોલ્ટ ડિઝની. ડોનાલ્ડ ડગ, મીકી માઉસ જેવાં પાત્રો સાથેની કાર્ટૂન ફિલ્મો.' (પૃ. ૧૪૮)

પાશ્ચાત્ય રીતરિવાજો અને શિષ્ટાચારથી ક્યારેક લેખક હેબતાઈ જાય છે ત્યારે તેનું વર્ણન રમૂજી શૈલીમાં કરે છે. તેમાં રમ્ય ગદ્યછટાઓ નિખરી ઊઠે છે.

(૧) લોસ એન્જેલસ પાસે આવેલો શ્રીમંતોને જ પોસાય એવો વૈભવી વિસ્તાર બેવર્લી હિલ્સ અનેક રંગીન સુવિધાઓથી સમૃદ્ધ બનેલો છે. નવાઈની વાત એ છે કે બેવર્લી હિલ્સમાં એક પણ સ્મશાનગૃહ કે હૉસ્પિટલ નથી. એથી જ તો આપણે આ સ્થળની સ્વર્ગની કલ્પના કરવી જ રહી. સ્વર્ગમાં પણ કોઈ વૃદ્ધ થતું નથી, મરતું નથી.' (પૃ. ૧૨૮)

'લાગણીનો દસ્તાવેજ'માં પુત્ર-પુત્રી જ્યાં જ્યાં પરિભ્રમણ કરવા માટે લઈ ગયાં તે સ્થળોનું વિગતે વર્ણન છે. તેમાં સોલ્ટલેક સીટી, મેલબોર્ન, લોસ એન્જેલસ અને આસપાસનાં પ્રાકૃતિક સ્થળો, સિલિકોન વેલી, બેવર્લી હિલ્સ વગેરેનાં વર્ણનો કર્યાં છે. તેમાં સૌંદર્યવર્ણન ઓછું છે પરંતુ અમેરિકન સંસ્કૃતિ, તેની શિક્ષણપદ્ધતિ, અર્થતંત્ર વિશે વિશેષ વિગતો આપવામાં આવી છે. પુષ્કળ સામગ્રી સાંપડી હોવાથી અનેક પ્રકારની જ્ઞાનવર્ધક માહિતી રજૂ કરી છે. (દા.ત. કેનેડી સ્પેસ સેન્ટર, અવકાશયાત્રીઓ, ભારતીય સાહસિકો.) જોકે અતિ

લખાણથી થયેલ આલેખન આ પ્રવાસવર્ણનની મર્યાદા છે.

પ્રતાપભાઈ પંડ્યાએ અમેરિકામાં ચાલતાં 'ડે સેન્ટર્સ' વિશે અને સરકાર તરફથી ત્યાંના સિનિયર સિટિઝનને મળતી સુવિધાઓની વિગતે વાત કરી છે. આ સંદર્ભે ભારતમાં વૃદ્ધો કેવી લાચારી અને એકલતામાં જીવે છે તેનો તુલનાત્મક સંદર્ભ પણ યોગ્ય રીતે ઉપસાવ્યો છે.

ડૉ. પ્રતાપભાઈએ પ્રવાસકથાને 'લાગણીનો દસ્તાવેજ' જેવું ઊર્મિસભર શીર્ષક આપ્યું છે, તે પુસ્તકમાંથી પસાર થતાં યથાયોગ્ય લાગે છે. ભારતમાં રહેલી દીકરીને પત્રો દ્વારા પ્રવાસનો દસ્તાવેજ પાઠવ્યો છે. અમેરિકામાં વસતાં સંતાનોની કારકિર્દીના વિકાસની માતપિતાના હૈયે તૃપ્તિ છે તેની લાગણીને લેખકે યથાતથ સ્વરૂપે નિરૂપી છે. સાવ ગરીબ શિક્ષક દંપતીનાં સંતાનો અમેરિકામાં પણ ભારતીય અસ્મિતાને જાળવતાં જોઈ તેઓ ગદ્ગદિત થઈ ઊઠે છે તેમાંય ફૂલના ગજરા જેવી મનીષા ત્રણેક વર્ષની થઈ ને પોલિયોગ્રસ્ત બની, અપંગ બની. પરંતુ પુરુષાર્થ અને પ્રતિભાને બળે અનેક સિદ્ધિઓ મેળવી, અમેરિકાની નાસા જેવી વિશ્વવિખ્યાત સંસ્થામાં રિસર્ચ એન્જિનિયર તરીકે ગૌરવભેર સેવા આપી રહી છે. તેની વાત કરતાં પિતાનું હૈયું આમ પ્રગટ થાય છે.

'ગામડામાં ઊછરેલી અને ગુજરાતી માધ્યમમાં શિક્ષણ પ્રાપ્ત કરેલી અમારી અપંગ દીકરી યુ.એસ.એ.ના નાસામાં એની આગવી બુદ્ધિપ્રતિભાથી આટલું મોટું ગજું કાઢી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે, છતાં પણ દેશપ્રેમ, નમ્રતા અને માતૃભાષા ગુજરાતી પ્રત્યે વિશેષ પ્રેમ રાખે છે તે ધન્યવાદને પાત્ર જ ગણાય. અમે તો માત્ર સાંભળ્યું જ હતું, પણ નજરે જોયું ત્યારે ખરેખર અમારી આંખમાં હર્ષનાં આંસુ નીતરી રહ્યાં હતાં.' (પૃ. ૭૨)

વડીલ તરીકે લેખકનું લાગણીસભર હૈયું સ્વદેશ અને વિદેશની વચ્ચે સતત ઝૂલતું રહ્યું છે. હોલિવુડનો એનિમેશન અને ડિજિટલ ફિલ્મો બનાવતો વિરાટ સ્ટુડિયો અને અદ્ભુત જુરાસિક પાર્કની મુલાકાત વખતે દાદાદાદીને ભારત વસતાં પૌત્ર-પૌત્રીઓની તરત યાદ આવે છે. તેઓ પત્રમાં લખે છે : 'ખરેખર મને તો એમ થાય છે કે બાળકોને સાથે લઈને આવ્યાં હોત તો દાદાનો રોમાંચ એમનો થઈ જાત.' (પૃ. ૧૪૧)

પ્રવાસલેખકે પત્રોમાં ઉપર/નીચે લખ્યાતારીખ મૂકવાની આવશ્યકતા હતી. તો સમયસંદર્ભ સ્પષ્ટ થાત.

લેખકે શિશુસહજ મુગ્ધતાથી પ્રવાસનું આલેખન કર્યું છે તેથી વિસ્મય અને આનંદનું મધુર પર્વ રચાયું છે.



## સમૃદ્ધ વ્યક્તિત્વનો આલેખ ડૉ. નલિની દેસાઈ

[**ભર્યું ભર્યું અસ્તિત્વ** : ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, પ્ર. લે. પોતે, આવૃત્તિ પ્રથમ, ૨૦૦૭, પૃ. ૨૮૮, કિં. રૂ. ૧૭૦]

ગુજરાતના જાણીતા વિદ્વાન કે. કા. શાસ્ત્રીનું ૨૦૦૬માં ૧૦૨ વર્ષની વયે અવસાન થયું. તેઓ સંસ્કૃત વ્યાકરણ, કાવ્યો અને વેદાંતનું શિક્ષણ પામેલા. 'પ્રજાબંધુ' સાપ્તાહિકના તંત્રી તરીકે તેમણે સેવાઓ આપી અને ગુજરાત વિદ્યાસભામાં સંશોધક તરીકે દાખલ થઈને ઉત્તમ ગ્રંથો આપ્યા. તેમને ઘણાં બધાં માનસન્માન પણ મળ્યાં છે. ૧૦૧ વર્ષની જીવનયાત્રા દરમિયાન ૨૫૦ જેટલાં પુસ્તકોનું સર્જન એમણે કર્યું છે.

સ્વ. શાસ્ત્રીજી વિશેના નાંદી વિભાગમાં જે લખાયું છે તે જોઈએ :

'આજની વાતે 'દાદાજી' દિવંગત પણ આપણા સૌના સ્મરણે, હયાત, જીવંત છે, જ. પત્રલેખકની માફક જ ઊંડી અનુભૂતિના ઉદ્ગાર સતત દેખાયા કરે છે. અક્ષરમાં જ નહિ, સમગ્ર વાતાવરણમાં એમના ભર્યા ભર્યા અસ્તિત્વની આ અનુભૂતિ છે – એવી કે જેમાં શાસ્ત્રીજીના હોવાપણાની પ્રતીતિ થાય છે અને 'શાસ્ત્રીજી અમર રહો', 'જબ તક સૂરજ ચાંદ રહેગા, શાસ્ત્રીજી આપ કા નામ રહેગા'ના નારા, હોંકારા, ઘોષણાનો ગણગણાટ થયા કરે છે.'

કે. કા. શાસ્ત્રીજીનું વ્યક્તિત્વ કેવું હશે તેની પ્રતીતિ આ શબ્દોથી થાય છે.

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા કે. કા. શાસ્ત્રીજીના અભ્યાસી છે. પુસ્તકના અંતે તેમણે શાસ્ત્રીજીનાં પુસ્તકોની યાદી મૂકી છે, થોડા ફોટોગ્રાફ્સ મૂક્યા છે. પરિણામે શાસ્ત્રીજી જીવંત થતા લાગે છે. શબ્દ દ્વારા તો તેમની જીવંતતા દેખાય જ છે. હવે પછીની આવનાર પેઢીને કે. કા. શાસ્ત્રી કોણ ? એવો પ્રશ્ન થાય તો તેમને માટે આ પુસ્તક ઘણું જ ઉપયોગી છે.

ખંડ-૧માં શાસ્ત્રીજીના જન્મથી માંડીને તેમના જીવનનો પરિચય આપ્યો છે. અધ્યાપક કે. કા. શાસ્ત્રી, સંશોધક કે. કા. શાસ્ત્રી, નાટ્યક્ષેત્રે તેમણે કરેલું પ્રદાન, શાસ્ત્રીજીના કેટલાક ગ્રંથો વિશે સંક્ષિપ્ત માહિતી, તેમણે શતાયુ વર્ષમાં પ્રવેશ કર્યો તે પ્રસંગ – આ બધાં જ પાસાં અહીં જોવા મળે છે. એમના રોજિંદા જીવનનાં રહસ્યો પણ અહીં ખૂલ્યાં છે. લેખક લખે છે, 'શાસ્ત્રીજીને તમે એમના સ્વાસ્થ્યનું રહસ્ય પૂછો એટલે તમને સૂત્ર આપે 'કમ ખા, ગમ ખા.'

આખો દિવસ સતત દસ-બાર કલાક કામ કરતા શાસ્ત્રીજી બપોરે એક રોટલી; સાંજે બે રોટલી, શાક અને દૂધ લે છે. આટલા કલાક કામ કરવા માટે વધુ આહાર લેવાની જરૂર છે એ માન્યતા શાસ્ત્રીજી ખોટી પાડે છે. 'ગમ ખા' એ વાત શાસ્ત્રીજીના સ્વભાવનો જ એક ભાગ છે !

આવા તો ઘણા તેમના જીવનવ્યવહાર સાથે વણાઈ ગયેલા પ્રસંગો અહીં મૂકી આપ્યા છે. આરંભના ખંડમાં તેમણે શરૂઆતમાં જે સંઘર્ષ કર્યો તેનું બયાન કર્યું છે. એમને મળેલી પદવીઓ, એવૉર્ડ, માનપત્ર, ચંદ્રકો આ બધાંની યાદી પણ શાસ્ત્રીજીની વિદ્વત્તા કેવી હતી તેના પુરાવારૂપ છે.

શાસ્ત્રીજીનું ધર્મોપાસક ચિત્ર બીજા પ્રકરણમાં દોરાયું છે. તેઓ તેમના આચાર-

વિચારમાં બહુ જ સ્પષ્ટ હતા.. શાસ્ત્રીજી પરમ વૈષ્ણવ હતા. તે પ્રમાણે એમનો વ્યવહાર તેઓ કરતા હતા. તેઓ સંસ્કૃતિ, ઇતિહાસ ઉપરાંત સંસ્કૃતવિદ્યા, ગુજરાતી ભાષા, સાહિત્ય, વ્યાકરણ, કોશ, છંદ આ બધામાં તેમની વિદ્વત્તા હતી.

શાસ્ત્રીજીને સંસ્કૃતના પાઠ બાળપણથી જ મળેલા. પિતાજી સાથે સંસ્કૃત પાઠશાળામાં જાય. વળી તેમનો જીવ સંશોધકનો. તેમણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઘણાબધા સર્જકોનાં પુસ્તકોનું સંશોધન-સંપાદન કર્યું છે. બાળપણથી જ શ્રીકૃષ્ણના રંગે રંગાયેલા. ચુસ્ત મરજાદી ધરમ પાળે.

કોઈ પણ સર્જક કે તેની કૃતિ ઉપર સંશોધન કરે તે પૂરી ચોકસાઈથી. 'દયારામની કૃતિઓનો રચનાક્રમ' એ લેખમાં દયારામની કૃતિઓનો રચનાક્રમ, ન હોય ત્યાં નકલ થયાનું વર્ષ વગેરેને પણ તેઓ ધ્યાનમાં લે છે. તે જ રીતે નરસિંહ મહેતાના જન્મસમય માટે તેમનો અભિપ્રાય જોઈએ,

'બસો વર્ષના ગાળામાં તો ભાષાપરિવર્તનના નિયમ પ્રમાણે ગુજરાતી ભાષા બદલાઈ ચૂકી હતી. તે નરસૈંની ભાષા અને શૈલીનો અભ્યાસ કઈ રીતે કરવો ?'

એ માટે શાસ્ત્રીજીનો લેખ જોવો જ પડે. આવાં તો અનેક સંશોધનો તેમણે કર્યાં છે. 'આપણી જલયોજનાઓ', 'સૌરાષ્ટ્રનો સમુદ્રકાંઠો' જેવા લેખો તેમનાં ભૂતલનિરીક્ષણ-શક્તિનો પરિચય કરાવે છે.

'કેટલાંક સ્મરણો'માં લેખકે શાસ્ત્રીજી સાથે પસાર કરેલો સમય અને તે વખતનાં સ્મરણો પણ તેમાંયે વાત તો અભ્યાસની, સંશોધનની જ હોય. પાર્વતી-બા સાથેનાં સ્મરણો, શાસ્ત્રીજીની વિલક્ષણતાનો પરિચય – ટૂંકમાં આ પ્રકરણમાં લેખકે શાસ્ત્રીજી સાથે કેવી સુખદ પળો વિતાવી હતી તેનાં સ્મરણો તેમણે તાજાં કર્યાં છે.

શાસ્ત્રીજી મૂળે સંશોધકનો જીવ. તેમણે મધ્યકાલીન સાહિત્યમાં ખૂબ સંશોધન કર્યું છે. હસ્તપ્રતો એકઠી કરીને તેનું સંપાદન કરીને કે. કા. શાસ્ત્રીએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને વધુ સમૃદ્ધ કર્યું છે તેમ લેખકે લખેલા 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મર્મજ્ઞ કે. કા. શાસ્ત્રી'વાળા લેખમાં જોવા મળે છે.

શાસ્ત્રીજી એટલે ભાષાવૈજ્ઞાનિક પણ ખરા. ભાષાની શબ્દોના મૂળ સુધી પહોંચવાની તેમની અવિરત યાત્રા ચાલુ જ હોય. ઇતિહાસ શાસ્ત્રીજીના રસનો વિષય. ચીવટ, ચોકસાઈ, કયાંય પણ વિગતદોષ ન ચાલે તેવા શાસ્ત્રીજી વિદ્યાર્થીઓને જ્યારે માર્ગદર્શન આપે ત્યારે પિતૃભાવ પણ રાખે.

શાસ્ત્રીજીનું પ્રદાન નાટ્યક્ષેત્રે પણ નાનુંસૂનું નથી. 'કૌલ પરાજય', 'અજેય ગોરીશિખર', 'ખાનદાન લોહી' અને 'સહકારમાં સહકાર' – વિવિધ વિષયોને નિરૂપતી લઘુનાટિકાઓ છે. તેઓ નાટકના અનુવાદ કરતી વખતે તત્સમ, તળપદા અને અન્ય ભાષાના સંપર્કે આવેલા શબ્દો, તેની લઢણો સરસ રીતે પ્રયોજે છે – આવું ઘણુંબધું અહીં પિરસાયું છે. કૃષ્ણકાન્ત કડકિયા શાસ્ત્રીજીના સાહિત્યક્ષેત્રે થયેલા દરેક પ્રદાનને સૂક્ષ્મતાથી સ્પર્શી, જાણી-પિછાણીને આલેખન કરે છે.

'કે. કા. શાસ્ત્રીજી'ના કેટલાક ગ્રંથો એ શીર્ષક અંતર્ગત લખાયેલ પ્રકરણમાં ૨૬ જેટલા ગ્રંથોનો સંક્ષિપ્ત અભ્યાસ કર્યો છે. એમાં જે પસંદગી પામેલા ગ્રંથો છે તેમાં મધ્યકાલીન સાહિત્ય, અમેરિકાના આદિમ વસાહતીઓ, સંસ્કૃતિદર્શન, ઇતિહાસ, પુરાતત્ત્વ – આ બધા વિષયો ઉપર કરેલા શાસ્ત્રીજીનાં સંશોધનો અહીં આલેખાયાં છે. સામાન્ય વાચકને શાસ્ત્રીજીની અભ્યાસનિષ્ઠા કેવી હતી તેની પાયાની માહિતી મળી રહે.

શાસ્ત્રીજી એટલે શ્રીકૃષ્ણના પરમ ભક્ત. હવેલીમાં નિયમિત દર્શન કરવા જતા શાસ્ત્રીજી જ્યાં પણ પ્રવાસમાં હોય ત્યાં તેમનો હરિ તેમની સાથે જ હોય. તેમણે અમેરિકાનો પ્રવાસ બે વાર કર્યો છે – જીવ સંશોધનનો. પરિણામે જે જે સ્થળે ફર્યા તેનો ઇતિહાસ અને ત્યાંની સંસ્કૃતિ જાણવામાં તેમને વિશેષ રસ. સંશોધનના માણસ પ્રકૃતિનું દૃશ્ય જોઈને પણ કેટલા પરિપ્લાવિત થાય છે, પ્રશાંત મહાસાગરને જોતાં તેમના મનમાંથી નીકળેલા ઉદ્ગારો જોઈએ : 'આજનો દિવસ મારે માટે એક મહત્ત્વના આનંદનો હતો... બરોબર સ્થાનિક ૬.૩૦ સાંજના સમયે પશ્ચિમ દિશામાં પથરાયેલા વિશાળ મહાસાગરનાં દર્શન એ મારા જીવનની ધન્ય પળો હતી. દસેક મિનિટ સુધી ભેખડ ઉપર ઊભા રહી મહાસાગરનાં દર્શનનો લહાવ લીધો... સૂર્યનાં કિરણોનાં પ્રતિબિંબનાં તો સાગરની સપાટીની ચાદર પર દર્શન થયાં.'

આમ પ્રકૃતિસૌન્દર્યમાં વર્ણનો પણ ઠેર ઠેર આલેખાયાં છે.

ભાષાવિજ્ઞાન તેમનો મનગમતો વિષય. ગુજરાતી ભાષા હોય કે ભારતીય ભાષા તેઓ ક્યાંક એ ભાષાની સગાઈ શોધવાનો પ્રયત્ન પણ કરે.

આરંભે લખાયેલું નાંદી શાસ્ત્રીજીની જીવંત છબી ઉપસાવી આપે તે રીતે લખ્યું છે. આ આખું પુસ્તક જાણે શાસ્ત્રીજીના અસ્તિત્વથી ભરેલું છે. તેઓ હજી પણ બધા વચ્ચે ક્ષર નહિ તો અક્ષર દેહે તો જીવંત છે જ.

શાસ્ત્રીજીના સમગ્રલક્ષી અભ્યાસને કૃષ્ણકાન્ત કડકિયાએ 'ભર્યું ભર્યું અસ્તિત્વ'માં આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. શાસ્ત્રીજીનું કાર્યક્ષેત્ર એટલા મોટા ફલક ઉપર પથરાયેલું હતું કે દરેક વસ્તુ કદાચ ન આવરી શકાઈ હોય પણ તેમનો શાસ્ત્રીજી વિશેનો અભ્યાસ ઊંડો છે તેની સાબિતી આ પુસ્તક જરૂર આપે છે.

પુસ્તક સમગ્રને જોતાં શાસ્ત્રીજીના બાળપણથી માંડીને તેમના ૧૦૨ના વર્ષને જાણે કે નજીકથી નિહાળી શકાય છે. વિશ્વહિંદુ પરિષદના કાર્યકર હોય કે સાહિત્યકાર, ભાષાસંશોધક હોય કે નાટ્યકાર, શિક્ષક હોય કે વ્યવહારદક્ષ માનવી શાસ્ત્રીજી હંમેશાં જીવંત રહેશે તેમનાં અક્ષરકાર્યથી.

❒

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

❖ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
❖ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
❖ 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
❖ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
❖ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
❖ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
❖ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
❖ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

❖ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
❖ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
❖ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
❖ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯





# અહેવાલ ગુજરાતી સાહિત્ય પરિષદનું રજત જયંતી જ્ઞાનસત્ર

**અજય પાઠક**

કીમ એજ્યુકેશન સોસાયટી – સાહિત્ય, સંગીત, નાટ્ય કલા અકાદમી અને શ્રી પુરુષોત્તમભાઈ હરિભાઈ ઉમરાવ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, કીમના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બર ૨૦૦૮ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૫મું જ્ઞાનસત્ર યોજાયું, કીમ (તા. ઓલપાડ, જિ. સુરત) ખાતે યોજાયેલ આ રજતજયંતી જ્ઞાનસત્રમાં લગભગ ૮૦૦ જેટલા ડેલીગેટ્સ ગુજરાત, સૌરાષ્ટ્ર તથા દેશ-વિદેશના અન્ય સ્થળોએથી પધાર્યા હતા જેમાં ૩૦૦-૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ હતા અને ગુજરાતી ભાષા સાહિત્યના અધ્યાપકો, સાહિત્ય સર્જકો તથા સાહિત્ય રસિકોનો બહોળો સમૂહ ઉપસ્થિત રહ્યો હતો. તા. ૨૬મી ડિસેમ્બરે બપોરે ૨.૩૦ કલાકે કીમ એજ્યુકેશન સોસાયટી વિદ્યાસંકુલમાં આરંભનારા જ્ઞાનસત્રમાં વહેલી સવારથી મહેમાનોનો પ્રવાહ શરૂ થયો હતો. યજમાન સંસ્થાએ કરેલ ઉમદા ભોજન-ઉતારા વ્યવસ્થા તથા ઉમળકાપૂર્ણ સ્વાગતનો સૌએ અનુભવ કર્યો હતો. રજિસ્ટ્રેશન સમયે જ પ્રત્યેક ડેલીગેટને જે આવકાર-કીટ આપવામાં આવી તેમાં ગાંધીવિચારનો સ્પર્શ અનુભવાયો હતો. કંતાનના થેલામાં ૨૦૦૯ના વર્ષ માટેની ગાંધીડાયરી તથા વિનોબાજીનાં ગીતાપ્રવચનોનું પુસ્તક પ્રતીકભેટ તરીકે પ્રાપ્ત થયાં હતાં. યજમાન સંસ્થાએ ઉતારા વ્યવસ્થામાં નોખી ભાત પાડી હતી. સભાસ્થળની આસપાસ નજીક રહેતા શિક્ષક મિત્રો તથા અન્ય રસિકોએ પોતાના નિવાસસ્થાને સાહિત્યકારોની ઉતારા વ્યવસ્થા ગોઠવી હતી. આ રીતે સાહિત્યકારોને પારિવારિક માહોલમાં મૂકીને યજમાન-મહેમાન પ્રથાનો ભારતીય સાંસ્કૃતિક સંદર્ભ ચરિતાર્થ કર્યો હતો.

ઉદ્‌ઘાટન બેઠકનો વિધિસર પ્રારંભ થાય તે પૂર્વે ડેલીગેટ્સ ભોજનાદિ વિધિ સંપન્ન કરી સભામંડપમાં આવે તે પૂર્વક્ષણોમાં યજમાન સંસ્થાની સંગીત ટુકડીએ કેટલાંક ગુજરાતી ગીતોની સંગીતમય પ્રસ્તુતિ આકર્ષક હતી. આથી, બરાબર ૨૬મીની બપોરના ૨.૩૦ કલાકે કાર્યક્રમનો આરંભ થાય તે પહેલાં સભામંડપમાં ગોઠવાયેલી સાતસો જેટલી ખુરશીઓમાં ડેલીગેટ્સએ પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું હતું.

ઉદ્‌ઘાટન બેઠકનો પ્રારંભ સમયસર થયો હતો. કીમ એજ્યુકેશન સોસાયટીની સંગીત ટુકડીએ પ્રાર્થના ગાનથી આરંભ કર્યો. ત્યારબાદ કવિ નર્મદ રચિત 'જય જય ગરવી ગુજરાત' રચનાનું ગાન થયું.

મંચ-સુશોભનમાં બેનર અને ડાબે/જમણે નવ સાહિત્યકારોની છબિઓ જે સતત પ્રેક્ષકો સન્મુખ રહી સાહિત્ય-સંદર્ભ રચી રહી હતી.

મંચસ્થ મહાનુભાવોમાં અધ્યક્ષ શ્રી નારાયણ દેસાઈ (મધ્યમાં), તેમની ડાબી બાજુએ ઉદ્‌ઘાટક શ્રી રમેશભાઈ થાનવી (રાજસ્થાની સાહિત્યકાર), અતિથિવિશેષ શ્રી ભગવતીકુમાર શર્મા, મુખ્ય મહેમાનશ્રી રઘુવીર ચૌધરી, શ્રી મનસુખ સલ્લા (વહીવટી મંત્રી), શ્રી રાજેન્દ્ર

પટેલ (કોષાધ્યક્ષ), શ્રી ઉત્તમ પરમાર (સ્વાગત મંત્રી), શ્રી ધીરૂભાઈ શાહ તથા શ્રી સુરેશભાઈ શાહ (ઉપપ્રમુખો – સ્વાગત સમિતિ); જમણી બાજુએ સ્વાગત પ્રમુખ શ્રી સુધીરભાઈ કુલકર્ણી, શ્રી અનિલા દલાલ (મંત્રી), શ્રી રવીન્દ્ર પારેખ (મંત્રી) અને યજમાન પ્રમુખશ્રી દુર્લભભાઈ નાથુભાઈ પટેલ.

શ્રી મનસુખ સલ્લાએ શબ્દોથી સ્વાગત કર્યા બાદ સમગ્ર સભાએ તાજેતરની કરુણ ઘટનાઓ પરત્વે મૌન શોકાંજલિ / મૌન આદર ઊભા થઈને પ્રગટ કર્યો હતો.

ત્યારબાદ આ પ્રસંગ ખાસ ઉપસ્થિત રહેલા રાજસ્થાની સાહિત્યકાર શ્રી રમેશભાઈ થાનવીએ દીપપ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન બેઠકનો આરંભ કર્યો હતો. મંચસ્થ મહાનુભાવો દીપપ્રાગટ્ય વિધિમાં સાથે જોડાયા હતા.

શ્રી ઉત્તમ પરમારે સંસ્થાનો વિગતવાર પરિચય કરાવ્યો હતો તથા સ્વાગતમંત્રી તરીકે સ્વાગત પ્રવચન કર્યું હતું, તેમણે પોતાના પ્રવચનમાં શરૂઆતમાં માર્ક્સ, મહાત્મા ગાંધી તથા આંબેડકર – ત્રણ મહાઋષિઓનું સાદર સ્મરણ કર્યું હતું. તેમણે કહ્યું કે માણસને માણસ તરીકે વિકસાવવો હોય તો કલા અને સાહિત્ય જ એ કાર્ય કરી શકશે. ધર્મ એ કામ નહિ કરી શકે. ત્યારબાદ સ્વાગત પ્રમુખ તરીકે શ્રી સુધીર કુલકર્ણીએ ટૂંકું સ્વાગતપ્રવચન કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક અર્પણ દ્વારા યજમાન પ્રમુખશ્રી દુર્લભભાઈ પટેલે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શાલ તથા પુસ્તક (રવીન્દ્રનાથના નિબંધોનો સંચય) અર્પણ કરીને સર્વશ્રી યોગેશ જોશી, પ્રફુલ્લ રાવલ તથા રવીન્દ્ર પારેખ દ્વારા મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી રમેશભાઈ થાનવી, ભગવતીકુમાર શર્મા તથા સુધીર કુલકર્ણીનું પરિષદ વતી સન્માન કરવામાં આવ્યું.

સ્વાગતવિધિ બાદ શ્રી મનસુખ સલ્લાએ પરિષદનાં કાર્યોનો અહેવાલ રજૂ કર્યો હતો. આ અહેવાલની છાપેલી પુસ્તિકા સર્વ ડેલીગેટ્સને વિતરિત કરવામાં આવી હતી.

ત્યારબાદ શ્રી રમેશભાઈ થાનવીએ હિન્દીમાં પોતાનું ઉદ્‌ઘાટન પ્રવચન કર્યું હતું જેમાં તેમણે સૌ પ્રથમ કવિશ્રી ઉમાશંકર જોશીનું અને પછીથી ગાંધીજીનું સ્મરણ કર્યું હતું. વક્તવ્ય દરમિયાન તેમણે રવિશંકર મહારાજને પણ સંભાર્યા હતા. તેમણે રવિશંકર મહારાજને ઋષિ સમાન ગણાવ્યા હતા. રમેશભાઈ થાનવીએ કહ્યું કે ઉમાશંકર, રવિશંકર મહારાજ તથા મનુભાઈ પંચોળી 'દર્શક' ત્રણેનો મારા પર ઊંડો પ્રભાવ છે. તેમણે આધુનિક સાહિત્ય અંગે ચિંતા પ્રગટ કરી હતી. આજનું સાહિત્ય મૂલ્યહીન છે અને વાસનાઓને ભડકાવે છે તેથી પોતે આજના સાહિત્યથી ભયભીત છે તેમ જણાવ્યું હતું. મેઘાણી, પન્નાલાલ, ર. વ. દેસાઈ જેવા સાહિત્યકારો 'લોક'ને પ્રગટ કરનારા છે જ્યારે આજના સાહિત્યમાં 'લોક' પ્રગટ થતું નથી. ગરીબ, દુ:ખી લોકો માટે આપણામાં કરુણા જ જોવા મળતી નથી તેવું તેમનું નિરીક્ષણ રહ્યું હતું. 'લોક'ની પુન:પ્રતિષ્ઠા સાહિત્યમાં કરવી એ આજની ચુનૌતી છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વાચનપ્રીતિ-વાચનટેવ રહી નથી તે અંગે ખેદ પ્રગટ કર્યો. સ્વાધ્યાયમાં પ્રમાદ ન ચાલે એવો સંદેશ આપી 'પુસ્તક-પ્રતિષ્ઠા' ફરી જન્માવવા માટે અપીલ કરી.

અતિથિવિશેષ શ્રી ભગવતીકુમાર શર્માએ પોતાના વક્તવ્યમાં મુસ્લીમ લેખકો, પારસી લેખકો ઓછા થતા જાય છે તે અંગે ચિંતાનો સૂર પ્રગટ કર્યો. તેમને લખતા કરવા આપણે આપણી ભાષાની સીમાઓ વિસ્તારવી પડશે તેમ જણાવ્યું. એક નાનકડા વાચક સમૂહને લક્ષ કરીને લખ્યા કરવાથી બંધિયાર બની રહેવા અંગે ભય તેમણે પ્રગટ કર્યો. ગુજરાતી ભાષાના અસ્તિત્વ પર સંકટ આવ્યું છે તે પ્રશ્ન પર ધ્યાન દોર્યું. 'નવસારી'માં દૃષ્ટાંતરૂપ ગ્રંથસંસ્કૃતિ વિકસી છે તેનું દૃષ્ટાન્ત આપ્યું. તેમણે નારાયણભાઈની સાહિત્યયાત્રાનો ઉલ્લેખ કર્યો. પરિષદની પ્રવૃત્તિઓનો પણ ઉલ્લેખ કર્યો.

જ્ઞાનસત્ર જેવા પ્રસંગો સામાન્ય રીતે પ્રગટ કરવામાં આવતી સ્મરણિકાના વિકલ્પમાં યજમાન સંસ્થા તરફથી તૈયાર કરવામાં આવેલા 'ગુજરાતની અસ્મિતા' ગ્રંથનું વિમોચન ઉદ્‌ઘાટન-બેઠકમાં શ્રી નારાયણ દેસાઈના હસ્તે સંપન્ન થયું. આ તકે શ્રી ઉત્તમ પરમારે 'ગુજરાતની અસ્મિતા' ગ્રંથ કઈ રીતે તૈયાર કરવામાં આવ્યો તેની રૂપરેખા આપી હતી અને જ્ઞાનસત્રના દિવસો દરમિયાન આ ગ્રંથ ૫૦% કમીશન આપીને ડેલીગેટ્સને રૂ. ૧૫૦/-માં ઉપલબ્ધ કરી આપ્યો હતો. આ ગ્રંથમાં ગુજરાતના ૭૮ લેખકોએ આ વિષય પર પોતાના વિચારો લેખ સ્વરૂપે રજૂ કરેલ છે.

પુસ્તક-વિમોચન પછી ઉદ્‌ઘાટન બેઠકમાં એક નાનો બીજો કાર્યક્રમ સમાવવામાં આવ્યો હતો, પરિષદના શુભેચ્છકોનું ગૌરવ સન્માન કરવામાં આવ્યું હતું. આ પૈકી બે વ્યક્તિનું આ તકે સન્માન થયું. સર્વશ્રી રૂપલબહેન તથા પાવનભાઈ બંનેનો પરિચય શ્રી રાજેન્દ્ર પટેલે આપ્યો હતો.

ત્યારબાદ મુખ્ય મહેમાન તરીકે શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું કે આધુનિક – સમસામયિક સાહિત્ય સર્જન પરત્વે ચિંતા કે ભય સેવવાની જરૂર નથી. એક બાજુ સિતાંશુ, લા. ઠા. જેવા સર્જકો સૂક્ષ્મતાથી સર્જનકાર્યમાં વ્યસ્ત છે તો બીજી બાજુ રમેશ પારેખ, રાજેન્દ્ર શુક્લ જેવા સર્જકો છે જે લોકપ્રિય છે, લોકોની સાવ વચ્ચે રહીને સર્જન કરે છે. તેમણે ઈસુ, ગાંધી વ.ને યાદ કરી ધર્મ અને જીવન બંનેની વાત કરી. પ્રભાવક વક્તૃત્વ અને આગવી અભિવ્યક્તિથી શ્રોતાસમૂહમાં તેમણે એક વાતાવરણ ઊભું કરી દીધું હતું. તેમણે કર્ણાટક સરકારને ૧થી ૭ ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણને મુદ્દે અભિનંદન આપ્યાં. સાથે અંગ્રેજી શિક્ષણ પણ જરૂરી છે તેમ જણાવ્યું.

અધ્યક્ષીય પ્રવચનમાં શ્રી નારાયણ દેસાઈએ જણાવ્યું કે પરિષદ સર્વ સમાવેષક બને તેવો પ્રયત્ન જરૂરી છે. વળી સ્વાભાવિક સંબંધ વાળી બનાવે તેવો પ્રયત્ન છે. જ્ઞાનસત્રમાંની વિશાળ હાજરી અંગે બોલતાં તેમણે કહ્યું કે મરાઠી અને અસમીયા સાહિત્ય સંમેલનોમાં ઘણી વિશાળ હાજરી રહેતી હોય છે કારણ કે ત્યાં લોકો ભાષા માટે એકઠા થાય છે. આપણે એમના જેવી ભાષાજાગૃતિ નથી. 'પુસ્તક વિમોચન'ને બદલે તેમણે 'લોકાર્પણ' શબ્દ વધુ યોગ્ય ગણ્યો અને અપનાવવા સૂચન કર્યું. તેમણે કહ્યું કે પ્રાચીનનું ફળ અને ભાવિનું બીજ બંનેનો સમન્વય કરવો તે વર્તમાનની જવાબદારી છે.

પરિષદ અંગે બોલતાં 'કશુંક' ખૂટે છે એવા શ્રી ભગવતીકુમારના વિધાન સાથે સંમત થઈ તેમણે 'શું' ખૂટે છે તેની શોધ કરવી અને તેના ઉપાયો યોજવા સલાહ આપી હતી. તેમણે સાહિત્યમાં સૌંદર્યની ઉપાસના અંગે બોલતાં સત્યમ્ – શિવમ્ – સુંદરમ્‌ના આદર્શને ચરિતાર્થ કરવા અંગે જિકર કરી. ભાષાની ચિંતા અંગે તેમણે સાહિત્યકાર, કેળવણીકાર અને વાલીગણ એમ ત્રણ પ્રકારના લોકોની જવાબદારી ગણાવી હતી. સાહિત્યકારોએ અને પરિષદે તેનાં કુંડાળાં મોટા કરવા અંગે જિકર કરી હતી. પરિષદનું વિકેન્દ્રીકરણ નહિ પણ

વિસ્તૃતીકરણ કરવું જોઈએ. સાહિત્ય સર્વાશ્લેષી થવું જોઈએ. સાહિત્ય સરલ હોવું જોઈએ એમ જણાવી માત્ર શબ્દો જ સરલ હોય તેમ નહિ હૃદય પણ સરલ હોય તે જરૂરી છે. સાહિત્યકારની સજ્જતા ઓછી કહેતાં ઊણી છે. 'કશુંક' ખૂટે છે તે આ છે. તેમણે કેળવણી ક્ષેત્રે સ્વાધ્યાયની પ્રવૃત્તિ ધરી છે, મહેનત ધરી છે તે અંગે ધ્યાન દોર્યું. જાતિવાદનું વિષ આપણી નસેનસમાં છે જે દૂર કરવા બહુ પ્રયત્ન કરવા પડશે. પ્રજા પોતાના કામો માટે કેવળ સરકારાશ્રિત માનસ રાખશે તો પ્રજા નબળી રહેશે. નબળી પ્રજાનું સાહિત્ય નબળું જ હોવાનું તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ઉદ્યમ કરવો જરૂરી છે તેમ જણાવ્યું. 'પારિતોષિક' આપણે ત્યાં ફરિયાદ અને ઈર્ષાનું કારણ બને છે. આ આંતર શુદ્ધિના વિષયો છે, આપણા સૌ માટે. આ આંતર્ શુદ્ધિના જવાબ આપીશું ત્યારે 'કશુંક' ખૂટે છે નો જવાબ મળશે. તેમણે કહ્યું કે જેટલી નિષ્ઠા હોય તેટલી કાર્યક્ષમતા હોય; જેટલી કાર્યક્ષમતા હોય તેટલી નિષ્ઠા હોય, બંનેનો સમન્વય જરૂરી છે. આમ કરવાથી આપણા પ્રશ્નો ઊકલશે.

અધ્યક્ષશ્રીના મનનીય પ્રવચન બાદ આભાર વિધિ કરવામાં આવી. યજમાન સંસ્થા વતી શ્રી નટવરસિંહભાઈ ઠાકોરે આભાર માન્યો. શ્રી રાજેન્દ્ર પટેલે 'બીયોન્ડ ધ બીટન ટ્રેક' પુસ્તક અર્પણ કરીને આભારવિધિ કર્યો જ્યારે અનિલાબહેન દલાલે શબ્દો દ્વારા આભાર વ્યક્ત કર્યો.

પ્રથમ દિવસની બીજી બેઠક રાત્રે ૮.૩૦ વાગે હતી જેમાં પારિતોષિક વિતરણનો કાર્યક્રમ હતો. સંચાલન કરતાં શ્રી મનસુખ સલ્લાએ જણાવ્યું કે પારિતોષિક એ શબ્દનું ગૌરવ છે. એ રીતે લેખકનું ગૌરવ થાય છે. પારિતોષિક અંગેના નિર્ણયો પારદર્શક અને તટસ્થ એવી પ્રક્રિયા દ્વારા લેવાતા હોય છે. ૪૨ પારિતોષિકો અપાયાં. અપવાદરૂપ કેટલાક પારિતોષિક વિજેતા ઉપસ્થિત રહી શક્યા ન હતા. મોટા ભાગના વિજેતા લેખકો ઉપસ્થિત હતા અને પારિતોષિક અર્પણનો કાર્યક્રમ ઉલ્લાસપૂર્ણ રહ્યો હતો. પારિતોષિકો અંગેની તમામ વિગતો, વિજેતા લેખકનો પરિચય વગેરેની છાપેલી પુસ્તિકા તમામ ડેલીગેટ્સને વિતરિત કરવામાં આવી હતી.

પ્રથમ દિવસની ત્રીજી બેઠક રાત્રે ૯.૩૦ વાગે હતી. કાવ્યપ્રત્યક્ષ નામે કાર્યક્રમ પરેશ નાયકના અધ્યક્ષસ્થાને રજૂ થયો હતો. આ એક વિશિષ્ટ કાર્યક્રમ હતો. કાર્યક્રમનું ધ્રુવબિંદુ હતું 'કવિતામાં ગાંધી.' આ કાર્યક્રમની પરિકલ્પના પરેશ નાયકની હતી. સર્જનાત્મક દૃષ્ટિકોણથી કરવામાં આવેલું આ આયોજન જાણે અનુભૂતિનો વિષય હોય તેમ જણાતું હતું.

કાર્યક્રમની રજૂઆતમાં પહેલાં શ્રી પરેશ નાયકે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું જેનો વિષય હતો 'કલાનું અર્ધસત્ય'. તેમણે લખેલા નિબંધનું વાચન કર્યું હતું. તેમની કલામીમાંસાનું સ્તર ઘણું ઊંચું રહ્યું હતું. પ્રહરે 'વૈષ્ણવ જન તો તેને કહીએ' અને બીજાં કાવ્યનું ગાન કર્યું હતું. ગિતાર વોરા અને હર્ષિત આચાર્યએ સંગત કરી હતી. સતીશ વ્યાસ, ઉષા ઉપાધ્યાય, રાજેન્દ્ર પટેલ વગેરેએ કાવ્યપાઠ કર્યો હતો. સંચાલન દૃષ્ટિ પટેલે કર્યું હતું. કાવ્યગાન, કાવ્યપઠન, કાવ્યસાદ વગેરે સાથે વિશિષ્ટ રજૂઆત ધરાવતો આ આસ્વાદ્ય રાત્રિ કાર્યક્રમ હતો.

તા. ૨૭-૧૨-૦૮ જ્ઞાનસત્રના બીજા દિવસની સવારની બેઠક એટલે સત્રની ચોથી બેઠક ૨૦૦૬-૨૦૦૭ બે વર્ષના સાહિત્યના સરવૈયાની બેઠક હતી, જેમાં અધ્યક્ષસ્થાને શ્રી રમણ સોની હતા અને બેઠકનું સંચાલન શ્રી અનિલાબહેન દલાલે કર્યું હતું. સંચાલન કાર્યમાં ઉત્તરાર્ધમાં શ્રી મીનળબહેન દવે જોડાયાં હતાં. મહેશભાઈના પ્રાર્થનાગાનથી બેઠકનો પ્રારંભ થયો હતો. અનિલાબહેને બેઠકની ભૂમિકા બાંધી આપી હતી. અધ્યક્ષશ્રી રમણ સોની ૨૦ મિનિટમાં થોડી વાત મૂકી હતી. જ્ઞાનસત્રની આ બેઠકને પોતે હંમેશાં પ્રશંસાની નજરે જુએ છે અને પરિષદની આ સરવૈયાની કામગીરી નોંધપાત્ર છે તેમ જણાવ્યું હતું. સાંપ્રતનું અવલોકન કરવું એ સાહસ છે તેમ જણાવી તેમણે સ્ટોક રેડીંગની કાર્યવાહી ડેકસ્ટોક લીસ્ટ સમાન ન બની રહે તેમ જોવું અનિવાર્ય ગણ્યું હતું. અભ્યાસીઓએ પોતાનાં નિરીક્ષણો અચૂક મૂકવા અંગે તેમણે જિકર કરી હતી. વિશ્વનાથ મ. ભટ્ટના શબ્દો 'પૂજા અને પરીક્ષા' પ્રયોજીને તેમણે જણાવ્યું કે જો 'પરીક્ષા' ન કરે તો તે વિવેચક કીર્તનકાર બની રહે છે. તેમણે 'કવિની સાધના', 'વિવેચકની સાધના' એ બે લેખો (ઉમાશંકર જોષી)ને યાદ કર્યા હતા. વિવેચકની ભાષાનો પ્રશ્ન તેમણે છેડ્યો હતો અને ભાષા તોછડી ન હોવી જોઈએ તેમ ભાષા મરેલી ન હોવી જોઈએ તેમ જણાવી માર્મિકતાથી કહેવાની કુશળતા અનિવાર્ય ગણાવી હતી. સરવૈયાની વાત ને ગોષ્ઠિ તરીકે જોઈ હતી. યજમાન સંસ્થા તરફથી મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક અર્પણ દ્વારા સન્માન કરવામાં આવ્યું. સરવૈયાની બેઠકમાં નીચેના અભ્યાસીઓએ પોતાને સોંપવામાં આવેલ અભ્યાસ / અવલોકન કાર્ય અત્યંત નિષ્ઠાપૂર્વક કર્યું હતું અને સમગ્ર રજૂઆત બહુ જ રસપ્રદ અને પ્રભાવક બની રહી હતી. સર્વશ્રી સમીર ભટ્ટ (કવિતા), અજયસિંહ ચૌહાણ (નિબંધ, પ્રવાસ, ચરિત્ર), ઋષિકેશ રાવળ (નાટક), કિશોર વ્યાસ (વિવેચન, સંશોધન, સંપાદન), ઉત્પલ રા. પટેલ (ટૂંકીવાર્તા), ઈશ્વર પરમાર (બાળસાહિત્ય), દીપક મહેતા (નવલકથા-૨૦૦૬), દર્શિની દાદાવાલા (નવલકથા-૨૦૦૭) વક્તાઓ પોતાના વિષયને ખૂબ સારી રીતે ન્યાય આપ્યો હતો. સમીર ભટ્ટ, ઈશ્વર પરમાર તથા દર્શિની દાદાવાલાની રજૂઆત, શૈલી વગેરેએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. બાકી સૌ વક્તાઓએ પોતાની અભ્યાસનિષ્ઠાથી શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા. દર્શિની દાદાવાલાના અભ્યાસ અભિગમથી વિદ્વાનો સાનંદાશ્ચર્ય અનુભવી રહ્યા હતા. ચાર કલાકની અભ્યાસકેન્દ્રી આ બેઠક ખૂબ સફળ અને સંતર્પક રહી હતી.

જ્ઞાનસત્રની પાંચમી બેઠક ૨૭મીએ બપોરે ૩.૦૦ વાગે હતી જેનો વિષય હતો 'સર્જક વિશેષ : 'રમણલાલ વ. દેસાઈ'. આ બેઠકના અધ્યક્ષ હતા શ્રી દિનકર જોષી. મહેશ મિસ્ત્રીના 'આપણે ભરોસે આપણે ચાલીએ' ગીતની સુમધુર પ્રસ્તુતિ પછી મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન શ્રી ઉદયન ઠક્કરે કર્યું હતું. સુંદર અવાજ અને રસપ્રદ શૈલીમાં તેમણે આ બેઠકની ભૂમિકા બાંધી હતી. અધ્યક્ષશ્રી દિનકર જોશીએ આ વિષય રાખવા બદલ આયોજકોને અભિનંદન પાઠવી પ્રારંભિક વાતો કરી જેમાં ર. વ. દેસાઈ યુગમૂર્તિ વાર્તાકાર કહેવાયા છે તેનું સ્મરણ આપી તેમની નવલકથાઓ, નવલિકાઓ વગેરે અંગે વાતો કરી. આ બેઠકના વક્તાઓ સર્વશ્રી પ્રકાશ ન. શાહ, વીનેશ અંતાણી, પરેશ નાયક, ગુણવંત વ્યાસ, કીર્તિદા શાહે અનુક્રમે નીચેના વિષયો પર રસપ્રદ, માહિતીપ્રદ, મૂલ્યાંકન, પુનર્મૂલ્યાંકનલક્ષી વક્તવ્યો આપ્યાં હતાં, ર. વ. દે.ના સાહિત્યમાં સામાજિક સંદર્ભ, ર. વ. દે.ની વાર્તાઓ, ર. વ. દે.નાં નાટકો અને

કવિતા, ર. વ. દે.ની ઐતિહાસિક નવલકથાઓ, ર. વ. દે.ની સામાજિક નવલકથાઓ. બેઠક વિષય અને વક્તાઓને કારણે રસપ્રદ બની રહી હતી.

જ્ઞાનસત્રના બીજા દિવસે યજમાન સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં પહેલાં વિનય-ચારુની પ્રસ્તુતિ 'ઇન્સાન હૈ હમ' રજૂ થયો. ત્યાર બાદ રાજુ બારોટ દિગ્દર્શિત દ્વિઅંકી નાટક 'હાં, મૈં તને ચાહી છે, જિંદગી !' રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેક્ષકોએ રાત્રિના એક વાગ્યા સુધી આ કાર્યક્રમો માણ્યા હતા.

જ્ઞાનસત્રના ત્રીજા દિવસ તા. ૨૮-૧૨-૦૮નીસવારની બેઠક એટલે સત્રની છઠ્ઠી બેઠક 'સાહિત્યસ્વરૂપવિમર્શ કવિતા' એમ ગોઠવાઈ હતી જેમાં અધ્યક્ષ શ્રી હરિકૃષ્ણ પાઠક હતા અને સંચાલન શ્રી રવીન્દ્ર પારેખે કર્યું હતું. મહેશ મિસ્ત્રીની પ્રાર્થના બાદ મંચસ્થ મહાનુભાવોનું સન્માન પુસ્તક અર્પણ દ્વારા થયું. આ બેઠકના વક્તાઓ સર્વશ્રી જયદેવ શુક્લ, રાજેન્દ્ર પટેલ, રાજેશ વ્યાસ 'મિસ્કીને' અનુક્રમે છાંદસ-અછાંદસ, દીર્ઘકાવ્ય, ગીત-ગઝલ કાવ્યસ્વરૂપોની ચર્ચા કરી હતી. લેખ વાંચ્યા હતા. અધ્યક્ષશ્રી હરિકૃષ્ણ પાઠકે પોતાનું વક્તવ્ય 'કવિતાની નિસબત અને નિસબતની કવિતા' ટૂંકમાં વાંચ્યું હતું. પછીથી કેટલીક વાતની રજૂઆત કરી હતી જેમાં કવિએ કર્મશીલ બનવું આવશ્યક નથી, નિજી એકદંડિયા મહેલમાં રહેવાનો કવિને અધિકાર છે તેવાં મંતવ્યો પ્રગટ કર્યાં હતાં. કવિતા નિરુદ્દેશે હોઈ શકે તેવો તેમનો મત હતો અને નિસબત અંગે આંતર્ પ્રતીતિની આવશ્યકતા તેમણે ચીંધી હતી. છેલ્લે તેમણે કહ્યું કે કવિના આત્માભિવ્યક્તિની કલા છે. ગાજરની પીપૂડી નથી, ભાષાબાજી નથી, ભાષણબાજી નથી. કવિતા પોતાની રીતે કામ કરશે. કલા પણ જીવનમૂલ્ય છે એવો ઉમાશંકર જોષીનો મત તેમણે ટાંક્યો હતો. પ્રાસંગિકતા / સમસામયિકતા ક્યારેક કવિતા પર હાવી થઈ જાય છે પરંતુ સૌથી મોટો નિર્ણાયક 'કાળ' છે. વર્તમાન ગુજરાતી કવિતા ગઝલની ગલીમાં વહી ગઈ છે તેવું નિરીક્ષણ તેમણે આપ્યું હતું, પોતે પરિઘ પર રહી વાત કરી, સાથીમિત્રો કેન્દ્ર તરફ ગતિ કરીને કવિતાની સ્વરૂપ ચર્ચા કરશે તેમ જણાવી તેમણે ચર્ચા ખુલ્લી મૂકી અને સાથી મિત્રોએ અભ્યાસપૂર્ણ ચર્ચાઓ, નિરીક્ષણો રજૂ કર્યાં. સમગ્ર બેઠક અર્થપૂર્ણ અને અભ્યાસપૂર્ણ બની રહી હતી.

સત્રની સાતમી બેઠક સત્રના ત્રીજા દિવસે સવારે ૧૦.૩૦ વાગે યોજાઈ હતી જેનો વિષય હતો 'નિસબત : સાહિત્ય અને સમાજ – કેટલાં અભિમુખ, કેટલાં વિમુખ ?' આ બેઠકના અધ્યક્ષ હતા શ્રી સુદર્શન આયંગર. બેઠકનો પ્રારંભ 'લાગ્યો કસુંબીનો રંગ' ગીતની સંગીતમય પ્રસ્તુતિથી થયો. મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. આ બેઠકનું સંચાલન શ્રી મનસુખ સલ્લાએ કર્યું હતું. તેમણે કહ્યું કે શબ્દ સમાજમાંથી જન્મે છે અને શબ્દ સમાજને સંસ્કૃત કરે છે. અધ્યક્ષશ્રી સુદર્શન આયંગરે વિષયની ભૂમિકા બાંધતાં જણાવ્યું કે આ પ્રશ્ન પહેલીવાર નથી ચર્ચાતો અને છેલ્લીવાર પણ નથી ચર્ચાતો. સમયાનુસાર આ પ્રશ્ને અર્થઘટનો બદલાયા કરે છે. પશ્ચિમમાં રેનેસાઁ પછી આ વિચાર વધુ પ્રસ્તુત બન્યો. ગાંધીજીએ હિંદ સ્વરાજમાં રસ્કિનનાં ૨ પુસ્તક અન ટુ ધ લાસ્ટ તથા જોય ફોર એવર અને ટોલસ્ટોયનાં ૬ પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે. વિષયની ચર્ચા માંડતાં શ્રી આયંગરે રસ્કિન, ટોલસ્ટોય અને ગાંધીજીના વિચારોના સંદર્ભે વાત મૂકી. તેમણે હિન્દી સાહિત્યના આધારે સાહિત્યમાં નિરૂપાતી સમાજાભિમુખતાની વાત કરી. આ ચર્ચાને શ્રી અચ્યુત યાજ્ઞિક તથા શ્રી માર્ટિન મેકવાન બંને 'સમાજ અને સાહિત્યનો અનુબંધ' એવા મુદ્દે કર્મશીલના દૃષ્ટિકોણથી બોલ્યા. અચ્યુત યાજ્ઞિકે પરિષદના અગાઉના પ્રમુખોના વ્યાખ્યાનોના આધારે કેટલાક મુદ્દા મૂક્યા જ્યારે માર્ટિન મેકવાને વર્તમાન સમયમાં, આઝાદીનાં આટલાં વર્ષે આપણા સમાજની વાસ્તવિક સ્થિતિ કેવી છે તેના આંખે દેખ્યો અહેવાલ આપ્યો. સાહિત્યએ સમાજાભિમુખ નિરૂપણ કરવું જોઈએ તેવો તેમનો મત હતો.

અન્ય બે વક્તા સર્વશ્રી શરીફા વીજળીવાળા તથા હિમાંશી શેલત 'સાહિત્ય અને સમાજનો અનુબંધ' એ મુદ્દે બોલ્યાં. શરીફાબહેનની સ્પષ્ટ, તર્કપૂર્ણ, અભ્યાસપૂર્ણ અને તટસ્થ અભિવ્યક્તિ સમગ્ર શ્રોતાગણને મંત્રમુગ્ધ બનાવી ગઈ. હિમાંશીબહેને પ્રશ્નની સરસ ચર્ચા કરી અને વિનંતી પણ કરી કે 'મને પ્રતિબદ્ધ લેખકનું લેબલ ન મારી દો.' સમગ્ર ચર્ચાનું સમતોલ સમાપન અધ્યક્ષશ્રી દ્વારા થયું.

છેલ્લા દિવસની છેલ્લી બેઠક એટલે સત્રની આઠમી બેઠક સમાપન બેઠક હતી. અધ્યક્ષશ્રી નારાયણભાઈ દેસાઈ તથા વિશેષ ઉપસ્થિતિ શ્રી દુર્લભભાઈ પટેલ, રઘુવીર ચૌધરી, ઉત્તમભાઈ પરમારની હતી, શ્રી નારાયણ દેસાઈએ મનનીય પ્રવચન આપ્યું. સમગ્ર સત્ર દરમિયાન રેંટિયો કાંતતા રહીને પણ બધી ચર્ચાઓના મુદ્દાઓને તેમણે સમાપન વક્તવ્યમાં સાંકળી લીધા તે વાતે શ્રોતાઓ સાનંદાશ્ચર્ય અનુભવી રહ્યા હતા. શ્રી દુર્લભભાઈ પટેલ, જગદીશ તથા ઉત્તમ પરમારે આભારવિધિ નિમિત્તે પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. શ્રી મનસુખ સલ્લાએ પરિષદ વતી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર સત્ર ધન્યતાનો અનુભવ કરાવનારું રહ્યું હતું.

❐

ધોળાં વસ્ત્રમાં ઢંકાયેલું કરચલિયાળું બોખું મોં નિર્વેદભાવે બહાનાં સાંભળતું રહે. નહીં કોઈ આગ્રહ કે નહીં 'હા-ના'નો પ્રત્યુત્તર. નિસ્તેજ છતાં તરલ આંખોમાં 'રોકાઈ જા તો સારું'ની અપેક્ષા ઝલકતી હોય અને અધબિડાયેલ બન્ને બારીમાંથી સ્મૃતિઓની વાછટ આવતી હોય : '....આજ તમારા દાદા બેઠા હોત તો તમે આમ...?!' – પરંતુ વાછટનો ધ્વનિ ક્યારેય સંભળાય ખરો ?! વાછટથી ભીની બનેલી બારીઓ જોવાનું હૃદય એ બધાં સિમેન્ટના કિલ્લાઓમાં મૂકતા આવે છે. તેમની નજર આડે વરસે છે સમયનો ધોધમાર વરસાદ, જેની પાછળ ઘર અને દાદાનો ચહેરો ધૂંધળો બની ગયો છે.

('મારો અસબાબ', પૃ.૨-૩) **– જનક ત્રિવેદી**



# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

(૧) પરિષદ સંચાલિત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૩-૧૨-૨૦૦૮ના સાંજે રવીન્દ્રનાથના છેલ્લા કાવ્યસંગ્રહ 'શેષલેખા'ના અંતિમ કાવ્ય નં. ૧૫ વિશે શ્રી નિરંજન ભગતે કાવ્યના પઠન પછી ચર્ચા કરી. ચર્ચામાં ઉપસ્થિત શ્રોતાઓએ પણ રસપૂર્વક ભાગ લીધો હતો. શ્રી શૈલેષ પારેખે એમનું મંતવ્ય રજૂ કર્યું હતું.

(૨) પરિષદના 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમમાં તા. ૨-૧૨-૦૮ના રોજ શ્રી દીવાન ઠાકોરે વાર્તાલેખક તરીકે વાર્તાલેખનની કેફિયત આપી હતી. અન્ય સર્જકોએ હાસ્યલેખ તેમજ કાવ્યોનું પઠન કર્યું હતું. 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૫-૧૨-૦૮ના રોજ સાંજે શ્રી બિપિન પટેલે અમેરિકી વાર્તાકાર શ્રી રેમન્ડ કાર્વરની 'ધ કિન્ડલિંગ' વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તાલેખકનો પરિચય આપતાં તેમણે તેમને અમેરિકાના આગલી હરોળમાં આવતા વાર્તાકાર ગણાવ્યા અને જણાવ્યું કે આ વાર્તા તેમણે ત્રીસ વાર લખી હતી, જે વિગત ભાવકોને સ્પર્શી ગઈ હતી.

(૩) પરિષદ અંતર્ગત ઍનીબેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે બાળસાહિત્યનાં લેખનમાં અને લેખન વિશેની પ્રક્રિયામાં લેખિકાઓ સક્રિય બને તેની વિચારણા-ચર્ચા માટે શ્રી ધીરુબહેન પટેલની ઉપસ્થિતિમાં એક સભાનું આયોજન તા. ૮-૧૨-૦૮ના રોજ બપોરે ૪.૦૦ વાગે કરવામાં આવ્યું. પાંચ-છ બહેનોના સમૂહમાં ભેગા મળી ચર્ચાઓ કરી અને પછી શ્રી રસીલા કડિયા, શ્રી લીના ત્રિવેદી અને શ્રી શ્રદ્ધા ત્રિવેદીએ બધાંના અભિપ્રાયો અને વિચારોનાં તારણો રજૂ કરતાં બાળલેખનની પ્રક્રિયામાં કેટલાં બધાં પરિબળોને ધ્યાનમાં રાખવાં જરૂરી છે તેનો આલેખ મળ્યો. ઘણા નોંધપાત્ર વિચારવાયોગ્ય મુદ્દાઓ વર્ણવાયા. આરંભમાં શ્રી ધીરુબહેને આખા પરિકલ્પની રૂપરેખા આપી હતી. અનિલા દલાલે સૌનું સ્વાગત કર્યું હતું.

આના જ અનુસંધાનમાં તા. ૧૮-૧-૦૮ની બપોરે બહેનોને બાળકો – કિશોરો – ૪થી ૧૨ વર્ષની વયના – માટે કાવ્યો, લેખો, વાર્તાઓ, નાટકો લખવા પરિષદ ભવનમાં આમંત્રિત કર્યા. એક નાની કાર્યશાળા બની રહી, જેમાં બહેનોએ ઉત્સાહથી લેખન કર્યું. શ્રી ધીરુબહેનની હાજરી સૌને પ્રેરક બની. લગભગ આ જ સમયગાળામાં ગાંધીનગરમાં પણ શ્રી પ્રજ્ઞાબહેન પટેલે લેખિકાઓની આવી કાર્યશાળા યોજી હતી.

(૪) તા. ૧૧-૧૨-૦૮ : શ્રી ઉશનસ્ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન વલસાડ મુકામે શ્રી નીરવ પટેલે આપ્યું. શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજના યજમાનપદે કાર્યક્રમ યોજાયો હતો. પ્રિ. ડૉ. રશ્મિબહેન દેસાઈની તેમજ કવિ ઉશનસ્‌ની ઉપસ્થિતિમાં નીરવભાઈએ 'કવિ રઘુવીર ચૌધરીનું સંવેદનવિશ્વ' વિશે વ્યાખ્યાન આપ્યું. નવલકથાકાર તરીકે પ્રસિદ્ધ શ્રી રઘુવીર ચૌધરીનાં કાવ્યવિશ્વનાં માર્મિક સ્થાનો, સંવેદનો, રચનાશૈલી, ભાષાપ્રયોગોની વાત નીરવભાઈએ વિગતે કરી. શ્રોતાઓએ રસભર્યા વક્તવ્યને માણ્યું.

(૫) પરિષદ અને શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચના સંયુક્ત ઉપક્રમે શ્રી સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન ભરૂચ મુકામે યોજાયું. શ્રી ધીરુભાઈ પટેલે 'ડાંગનું લોકસાહિત્ય : સોહોંગ, તમાસા અને ભવાડા' વિશે ઉદાહરણો સહિત વક્તવ્ય આપ્યું. લોકનાટ્ય વિશેની વિગતો શ્રોતાઓ માટે નવીન અને રસપૂર્ણ રહી. આચાર્યશ્રી ડૉ. એન. એમ. પટેલની ઉપસ્થિતિ અને આવકાર ઉષ્માભર્યાં રહ્યાં.

(૬) 'સર્જક સાથે સંવાદ' અંતર્ગત તા. ૧૬-૧૨-૨૦૦૯ – સાંજે શ્રી ધીરુબહેન પટેલ અને શ્રી રતિલાલ બોરીસાગરે સર્જકોને શુદ્ધ લેખન અને ભાષાશુદ્ધિ વિશે સમજ આપી લેખનમાં કેવી રીતે આ બાબતો પાયામાં રહેલી છે તેની સ્પષ્ટતા કરી. શ્રી ધીરુબહેને શુદ્ધ લેખન માટેની કાર્યશિબિર યોજવાનું સૂચન કર્યું.

## આગામી કાર્યક્રમો

(૧) તા. ૭-૨-૨૦૦૯ : શ્રી ગની દહીંવાલા વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન શ્રી હેમંત ધોરડા મુંબઈ મુકામે, મુંબઈ યુનિવર્સિટીના સહયોગમાં બપોરે ૪.૦૦ વાગે આપશે. મુંબઈ યુનિ., કાલીના કૅમ્પસ, સાન્તાક્રુઝ – પૂર્વ. વિષય છે 'ગુજરાતી કાફિયાશાસ્ત્ર'.

(૨) પરિષદ અંતર્ગત 'જયંતિ એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશન'ના ઉપક્રમે શ્રી ધીરુ પરીખ તા. ૧૭-૧-૦૯ના રોજ શ્રી જય વસાવડાલિખિત 'Shuddering Stones' – 'પથ્થર ધ્રૂજે થરથર' પર પરિષદભવનમાં વ્યાખ્યાન આપશે.

(૪) પરિસંવાદ : તા. ૨૭-૧-૦૯ અને ૨૮-૧-૦૯ના દિવસોએ ગુજ. સા. અકાદમીના સહયોગમાં પરિષદ ભવનમાં 'સાહિત્યમાં વિવિધ સમાજોનું નિરૂપણ' એ વિષય પર પરિષદ-પ્રમુખ શ્રી નારાયણ દેસાઈની અધ્યક્ષતામાં એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

(૪) ફેબ્રુઆરી ૨૦૦૯ના બીજા અઠવાડિયામાં રવિશંકર રાવળ વ્યાખ્યાન શ્રેણીના ઉપક્રમે શ્રી નવરોઝ કોન્ટ્રાક્ટર શ્રેણીનું છઠ્ઠું વ્યાખ્યાન પરિષદભવનમાં આપશે.

## 'ઢેઢના ઢેઢ ભંગી' એકાંકી અનુસરણ કાર્ય

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટમાંથી ઉમાશંકર જોશી કૃત એકાંકીસંગ્રહ 'સાપના ભારા' અભ્યાસક્રમમાંથી રદ કરવાના નિર્ણય-વિચારણા સામે તા. ૨૫-૫-૨૦૦૮ના રોજ પરિષદપ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈના પ્રમુખસ્થાને અગ્રણી સાહિત્યકારો અને કર્મશીલોની બેઠક મળી હતી, તેમાં બંને યુનિવર્સિટીઓમાં પુસ્તક ચાલુ રાખવાની અપીલ કરતો ઠરાવ થયો હતો.

તેના અનુસંધાને ગુજરાત યુનિવર્સિટીના બૉર્ડ ઑફ સ્ટડીઝના સભ્યો તથા સંબંધિતોની સાથે એકાધિક વાર વિમર્શ થયો હતો. ગુજરાત યુનિવર્સિટીના બૉર્ડ ઑફ સ્ટડીઝની બેઠકમાં હાજર રહેવાનું નિમંત્રણ મળતાં પરિષદના પ્રતિનિધિઓ તરીકે શ્રી રમેશ ર. દવે અને શ્રી રાજેન્દ્રભાઈ પટેલ હાજર રહ્યા હતા. બૉર્ડમાં નિખાલસ અને ઊંડાણભરી ચર્ચાઓ થઈ હતી. ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસક્રમમાં પુસ્તક ચાલુ રહ્યું છે.

સંગ્રહના 'ઢેઢના ઢેઢ ભંગી' એકાંકીના સાહિત્યિક મૂલ્ય અંગે સર્વસંમતિ હતી. પરંતુ વર્ગખંડમાં કોઈ શિક્ષકનાં માનસિક વલણો વિદ્યાર્થીઓ માટે પ્રશ્નાર્થરૂપ બની શકે. એ સંદર્ભે પરિષદ વતીથી એક દરખાસ્ત કરવામાં આવી છે કે આ એકાંકી વર્ગખંડમાં ઉચિત દૃષ્ટિકોણથી ભણાવવા અંગે અધ્યાપકોને તાલીમ આપવામાં સાહિત્ય પરિષદ યુનિવર્સિટીને સહાયભૂત થશે. ❐

## ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી અપાતાં પારિતોષિકોના વિજેતાઓની યાદી વર્ષ : ૨૦૦૬-'૦૭

| ક્રમ | પારિતોષિકનું નામ | પારિતોષિક-પ્રાપ્ત પુસ્તકનું અને પ્રકાશકનું નામ | લેખક | નિર્ણાયક |
|---|---|---|---|---|
| ૧. | ભગિની નિવેદિતા પારિતોષિક (લેખિકા) | 'અરુંધતીનો તારો' (૨૦૦૬) (ફ્લેમિંગો) | ઉષા ઉપાધ્યાય | મીનળ દવે |
| | | 'ઝંખના પરોઢની' (૨૦૦૭) પ્ર. પોતે | વંદના ભટ્ટ | |
| ૨. | હરિ ૐ આશ્રમ યોજિત શ્રી અરવિંદ પારિતોષિક (ભક્તિવિષયક) | 'માંડૂક્યોપનિષદ' (૨૦૦૭) (ગૂર્જર) | મૃદુલા મારફતિયા | લાભશંકર પુરોહિત |
| ૩. | શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક (સર્વશ્રેષ્ઠ પુસ્તક) | 'એક ક્ષણનો ઉન્માદ' (૨૦૦૭) (રન્નાદે) | હરીશ નાગ્રેચા | ચંદ્રકાન્ત ટોપીવાળા |
| ૪. | શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક (નિબંધ વ.) | 'ઓળખ્યાં એવાં આલેખ્યાં' (૨૦૦૭) (ગુજ. સા. પરિષદ) | મુનિકુમાર પંડ્યા | ભોળાભાઈ પટેલ |
| ૫. | શ્રી બટુભાઈ ઉમરવાડિયા પારિતોષિક (એકાંકી) | 'ઉજાગરા' (૨૦૦૬) (પાર્શ્વ) | જિતેન્દ્ર પટેલ | મહેશ ચંપકલાલ |
| ૬. | શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક (શિક્ષણ) | 'શોધીએ એવો સૂરજ' (૨૦૦૭) (પાર્શ્વ) | કેશુભાઈ દેસાઈ | મોતીભાઈ પટેલ |
| ૭. | શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક (સમાજશિક્ષણ વ.) | 'અક્ષરનાં અજવાળાં' (રન્નાદે) (૨૦૦૭) | ભગીરથ બ્રહ્મભટ્ટ | મોતીભાઈ પટેલ |
| ૮. | શ્રી જ્યોતીન્દ્ર હ. દવે પારિતોષિક (હાસ્ય) | 'રમૂજનાં રસગુલ્લાં' (૨૦૦૬) (પ્રવીણ) | જગદીશ ત્રિવેદી | સતીશ વ્યાસ |
| | | 'હાસ્યનો વરઘોડો' (૨૦૦૭) (ઇમેજ) | શાહબુદ્દીન રાઠોડ | સતીશ વ્યાસ |



| | | | | |
|---|---|---|---|---|
| ૯. | શ્રી બી. એન. માંકડ પારિતોષિક (વિજ્ઞાન) | 'વ્યોમદ્રષ્ટા મહારથી વિજ્ઞાનીઓ' (૨૦૦૭) (દર્શિતા) | યોગેન્દ્ર જાની | નગીન મોદી |
| ૧૦. | શ્રી રામપ્રસાદ બક્ષી પારિતોષિક (સાહિત્યશાસ્ત્ર) | 'કવિસમય' (૨૦૦૭) (પાર્શ્વ) | અજિત ઠાકોર | વિજય પંડ્યા |
| ૧૧. | શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક (પ્રથમ સર્જનાત્મક પુસ્તક) | 'ગઝલપૂર્વક' (૨૦૦૭) (ઇમેજ) | અંકિત ત્રિવેદી | ઉષા ઉપાધ્યાય |
| ૧૨. | શ્રી હરિલાલ મા.દેસાઈ પારિતોષિક (સામાજિક તત્ત્વજ્ઞાન) | 'વાગાવાસ્યમ્' (૨૦૦૭) (રન્નાદે) | હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય' | પ્રકાશ ન. શાહ |
| ૧૩. | શ્રી નટવરલાલ માલવી પારિતોષિક (બાળસાહિત્ય) | 'સોનાનો પુડલો' (૨૦૦૬) (ગૂર્જર) | શ્રદ્ધા ત્રિવેદી | ઈશ્વર પરમાર |
| | | 'છત્રીસ નંબરની બસ' (૨૦૦૭) (કુસુમ) | હુંદરાજ બલવાણી (સંયુક્ત) | „ „ |
| ૧૪. | શ્રી ઉશનસ્ ખંડકાવ્ય પારિતોષિક (સૉનેટમાળા, ખંડકાવ્ય) | 'જેસલમેર' (૨૦૦૭) (ગૂર્જર) | યોગેશ જોષી | ધીરુ પરીખ |
| ૧૫. | શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક (ગઝલ) | 'અહેસાસ' (૨૦૦૭) (સાહિત્યસંગમ) | દિલીપ મોદી | રશીદ મીર |
| ૧૬. | શ્રી મહેન્દ્ર ભગત પારિતોષિક (દીર્ઘ નાટક) | 'ટેરવે અટક્યા બોલ' (ગૂર્જર) | હરીશ નાગ્રેચા | એસ.ડી. દેસાઈ |
| ૧૭. | શ્રી રમણ પાઠક (ષષ્ટિપૂર્તિ) પારિતોષિક (નવલિકા) | 'ફટફટિયું' (૨૦૦૬) | સુમન શાહ : પારિતોષિકનો અસ્વીકાર | જયેશ ભોગાયતા |
| ૧૮. | શ્રી સદ્વિચાર પરિવાર પારિતોષિક (માનવતાલક્ષી) | 'ઝલક-કિશોરી' (૨૦૦૬) (ઇમેજ) | સુરેશ દલાલ | ડંકેશ ઓઝા |

| | | | |
|---|---|---|---|
| ૧૯. શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક (અનુવાદ) | 'પ્રકાશન નહીં કાયરનું કામ' (૨૦૦૭) (આર.આર.) | અનુ. જિતેન્દ્ર દેસાઈ | શરીફા વીજળીવાળા |
| ૨૦. શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ પારિતોષિક (સમાજશાસ્ત્ર) | 'લોકઆધારિત વિકાસ' (૨૦૦૬) | અનિલ શાહ | નીરાબહેન દેસાઈ |
| ૨૧. શ્રી રમણલાલ સોની પારિતોષિક (બાળ-કિશોર સાહિત્ય) | 'દેડકીનું બચ્ચું અને વિમાન' (૨૦૦૭) આર. આર. | પુષ્પા અંતાણી | ઈશ્વર પરમાર |
| | 'ટનટનિયો' (૨૦૦૬) (ભાવિક) | નટવર પટેલ (સંયુક્ત) | ,, ,, |
| ૨૨. શ્રી સુરેશા મજમુદાર પારિતોષિક (અનુવાદિકા/કવયિત્રી) | 'થેરી ગાથા' (૨૦૦૭) (સંસ્કૃત સાહિત્ય અકાદમી) | નિરંજના વોરા | શાલિની ટોપીવાળા |
| ૨૩. શ્રી રમણલાલ જોશી પારિતોષિક (વિવેચન) | 'ગુજરાતી નવલકથાના મહાનાયક શ્રીકૃષ્ણ' (૨૦૦૬) (પાર્શ્વ) | ગુણવંત વ્યાસ | વિનોદ અધ્વર્યુ |
| | 'નાટકમાં મિથ' (૨૦૦૭) (પાર્શ્વ) | ધ્વનિલ પારેખ | ,, ,, |
| ૨૪. શ્રી ઉપેન્દ્ર પંડ્યા પારિતોષિક (મહાનિબંધ) | 'સ્ત્રી-પુરુષ સંબંધોનું નિરૂપણ' | દીપ્તિ શુક્લ | કીર્તિદા શાહ |
| ૨૫. શ્રી ઉપેન્દ્ર પંડ્યા પારિતોષિક (લલિત નિબંધ) | 'પાંદ' | રતિલાલ 'અનિલ' | નરોત્તમ પલાણ |
| ૨૬. શ્રી દિનકર શાહ 'જય' પારિતોષિક પ્રથમ કાવ્યસંગ્રહ | 'ભિન્ન ષડ્જ' (૨૦૦૭) (રંગદ્વાર) | હરિશ્ચંદ્ર જોષી | મણિલાલ હ. પટેલ |
| ૨૭. શ્રી દોલત ભટ્ટ પારિતોષિક (ગ્રામજીવન નવલકથા / લોકસાહિત્ય) | 'એક તણખલાની વાત' (૨૦૦૭) (નવભારત) | ગોરધન ભેસાણિયા | રાઘવજી માધડ |



| | | | |
|---|---|---|---|
| ૨૮. શ્રી પ્રિયકાંત પરીખ પારિતોષિક (નવલકથા) | 'શતરંજનું મહોરું' (૨૦૦૬) (ઇમેજ) | નવીન વિભાકર | ધીરેન્દ્ર મહેતા |
| | 'હુહુ' (૨૦૦૭) (ગૂર્જર) | નરોત્તમ પલાણ | ધીરેન્દ્ર મહેતા |
| ૨૯. પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક (સંસ્કૃત, પ્રાકૃત / વ્યાકરણ) | પુરસ્કાર માટે પુસ્તક મળ્યાં નથી. | | |
| ૩૦. શ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક (મૌલિક ગીતસંગ્રહ) | 'રાગાધીનમ્' (રંગદ્વાર) | સંજુ વાળા | વિનોદ જોશી |
| ૩૧. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક (ચિંતનાત્મક) | 'અક્ષરનાં અજવાળાં' | ભગીરથ બ્રહ્મભટ્ટ | દર્શના ધોળકિયા |
| ૩૨. શ્રી રામુ પંડિત પારિતોષિક (અર્થશાસ્ત્ર, વાણિજ્ય ઉદ્યોગ) | 'તમન્ના તમને તાતા, બિરલા કે અંબાણી જેવા થવાની' (૨૦૦૬) (ગ્રંથલોક) | વનરાજ માલવી | દિનેશ શુક્લ |
| ૩૩. શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક (ભાષાવિજ્ઞાન, વ્યાકરણ) | પુરસ્કાર માટે પુસ્તકો મળ્યાં નથી. | | |
| ૩૪. શ્રી સર્વોદય આશ્રમ સણાલી પારિતોષિક | 'ગુજરાતી લોકગીત' (૨૦૦૭) (ગૂર્જર) | હસુ યાજ્ઞિક | બળવંત જાની |
| ૩૫. શ્રી બી. ટી. ત્રિવેદી પારિતોષિક (ચર્ચાપત્રી) | ચર્ચાપત્રી | નરેશ ઉમરીગર | પ્રકાશ ન. શાહ<br>ડંકેશ ઓઝા |
| ૩૬. 'ગુજરાતદર્પણ' પારિતોષિક (દરિયાપારના સાહિત્યકારો માટે) (નવલકથા) | ૨૦૦૫ : 'પૉઇન્ટ ઑફ નો રિટર્ન...' (ઇમેજ) | નીલેશ રાણા | કુમારપાળ દેસાઈ |
| | ૨૦૦૬ : 'આંધીનો ઉજાસ' (રન્નાદે) | જય ગજ્જર | ચંદ્રકાન્ત દેસાઈ |
| | ૨૦૦૭ : આ વિભાગમાં કોઈ પુસ્તક રજૂ થયું નથી. | | |

પરબ ❖ જાન્યુઆરી, ૨૦૦૯

## 'પરબ' પારિતોષિક

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યા પ્રેરિત 'પરબ' લેખ પારિતોષિક | 'રવીન્દ્રનાથનું કાવ્યવિશ્વ' લેખમાળા 'પરબ' એપ્રિલથી ડિસેમ્બર, ૨૦૦૮ | ધીરુ પરીખ | નીતિન વડગામા |
| ૨. | ચિ. શિ. ત્રિવેદી પ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક | 'જુઓ કેવી નજર ઢળી' 'પરબ' સપ્ટે., ૨૦૦૭ | આદિલ મન્સૂરી | અજય પાઠક |
| ૩. | શ્રી નાનુભાઈ સુરતી ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક | 'કોઢ' 'પરબ' જાન્યુ., ૨૦૦૮ | રામચંદ્ર પટેલ | અજય રાવલ |
| ૪. | શ્રી નાનુભાઈ સુરતી ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક | 'માર્જિનાઇઝ્ડ' 'પરબ' જુલાઈ, ૨૦૦૮ | ઇલા આરબ મહેતા | કિરીટ દૂધાત |

**શ્રી પ્રાણજીવન એજ્યુકેશન ટ્રસ્ટ પારિતોષિક : (બી.એ.માં ગુજરાતીમાં પ્રથમ સ્થાન માટે)**

**વર્ષ : ૨૦૦૭**

એમ. એસ. યુનિવર્સિટી : પાદરિયા અનીતા નરહરિભાઈ
સ. પ. યુનિવર્સિટી : ચૌહાણ પ્રિસ્કીલાબહેન કાંતિભાઈ
ભાવનગર યુનિવર્સિટી : દવે મયૂરીબહેન દિલીપકુમાર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી : કણઝારિયા સુનીતાબહેન બાબુલાલ

**વર્ષ : ૨૦૦૮**

એમ. એસ. યુનિવર્સિટી : પંડ્યા હીરેન્દ્ર રાજેન્દ્રકુમાર
સ. પ. યુનિવર્સિટી : વહોરા રફીકભાઈ શરીફમહંમદ
ભાવનગર યુનિવર્સિટી : બોરડા અમીતાબહેન વિઠ્ઠલભાઈ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી : દેરવાલિયા મંજુલાબહેન મોહનલાલ



# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

### સુમન શાહને સાહિત્ય અકાદમી (દિલ્હી)નું પારિતોષિક

સુમન શાહને એમના વાર્તાસંગ્રહ 'ફટફટિયું' માટે સાહિત્ય અકાદમી (દિલ્હી)નું પારિતોષિક મળ્યું છે. એમને અભિનંદન.

### વાર્તાશિબિર

સુરેશ જોશી સાહિત્યવિચાર ફોરમ અને ઉત્તર ગુજરાત વાર્તાવર્તુળના સંયુક્ત ઉપક્રમે બાવીસમો વાર્તાશિબિર રાધનપુર ખાતે ૨૯-૩૦ નવેમ્બરના રોજ સંપન્ન થયો. એમાં સુમન શાહથી સાહિલ પરમાર સુધીના વાર્તાકારોની વાર્તાઓનું પઠન ને ચર્ચા થઈ.

### 'કાવ્યસૌંદર્ય' પર સુમન શાહનું વ્યાખ્યાન

૯ નવેમ્બરે શિશુવિહાર બુધસભાના ઉપક્રમે શ્રી તખ્તસિંહ પરમારના જન્મદિનની શુભેચ્છામાં સુમન શાહનું 'કાવ્યસૌંદર્ય' પર વ્યાખ્યાન યોજાયું હતું.

### દલપત પઢિયારનું કાવ્યપઠન

૩૦ નવેમ્બરે શિશુવિહાર બુધસભાના ઉપક્રમે દલપત પઢિયારે સ્વરચિયત કાવ્યોનું પઠન કર્યું હતું.

### 'કર્મે જીવન કુશળ'નું વિમોચન

ભાનુભાઈ ત્રિવેદીના પુસ્તક 'કર્મે જીવન કુશળ'નું વિમોચન 'ગુજરાત દર્પણ'ની સાહિત્યસભામાં અંકિત ત્રિવેદીના હસ્તે થયું હતું. ત્યારે વિનોદ ભટ્ટની ઉપસ્થિતિ હતી.

### 'મર્મવેધ'નું વિમોચન

'સંગાથ' – સુરેન્દ્રનગર દ્વારા ૨૨ નવેમ્બરે પંકજ ત્રિવેદીના પુસ્તક 'મર્મવેધ'નું વિમોચન મનોહર ત્રિવેદીના હસ્તે થયું હતું. ત્યારે એક મુશાયરાનું આયોજન પણ થયું હતું.

### પુષ્ટિપદોનું વિમોચન

'શ્રી યમુનાજીનાં ૪૧ પદોનો ત્રિવિધ રસાસ્વાદ' એ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'ના પુસ્તકનું વિમોચન જૂનાગઢની હવેલીના પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજના હસ્તે થયું હતું.

### અમરેલીમાં કવિશ્રી કાન્ત પર્વ

૨૧-૨૨ નવેમ્બરના રોજ ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી અમરેલીની વિવિધ સંસ્થાઓની સાથે રહી સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતનમાં કાન્ત પર્વની ઉજવણી થઈ ગઈ. ૨૧ નવેમ્બરે કાન્તના જીવન પર આધારિત પ્રદર્શન રૂક્ષ્મણિબહેન બાલમંદિરમાં ધારાશાસ્ત્રી શ્રી જશવંત કાનાબારના હસ્તે ખુલ્લું મુકાયું હતું. ૨૨ નવેમ્બરે

'જ્યાં સૂર્ય વસે સદૈવ' એ પરિસંવાદ પ્રા. વસંતભાઈ પરીખના અધ્યક્ષસ્થાને સંપન્ન થયો હતો. તેમાં ડૉ. વિનોદ જોષી, મનસુખ સલ્લા અને ડૉ. સતીશ વ્યાસે વાર્તાલાપ આપ્યા હતા.

### 'જયભિખ્ખુ : જીવન અને સાહિત્ય' પર પ્રફુલ્લ રાવલનું વ્યાખ્યાન

૬ ડિસેમ્બરે ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે ધીરુભાઈ ઠાકરની અધ્યક્ષતામાં પ્રફુલ્લ રાવલે 'જયભિખ્ખુ : જીવન અને સાહિત્ય' પર જયંતી વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારે સંસ્થાના પ્રમુખ ડૉ. મધુસૂદન પારેખે અને ધીરુભાઈ ઠાકરે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન નલિની દેસાઈએ કર્યું હતું.

### 'સુન્દરમ્ શતાબ્દીવંદના' વિશેષાંકનું વિમોચન

સંસ્કારમિલન – વલસાડના સુવર્ણજયંતી વર્ષે સુન્દરમ્‌ની જન્મશતાબ્દી નિમિત્તે સંસ્થાએ 'સુન્દરમ્ શતાબ્દી વંદના' નામે વિશેષાંક તૈયાર કર્યો છે તેનું વિમોચન ૨૧ ડિસેમ્બરે 'ઉદ્દેશ'ના તંત્રી પ્રબોધ ર. જોશીએ કર્યું હતું ત્યારે મુખ્ય મહેમાન ડૉ. ચંદ્રકાન્ત શેઠ હતા અને અધ્યક્ષસ્થાને કવિશ્રી ઉશનસ્ હતા.

❐

### ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલ દાન

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | સીતારામ સેવા ટ્રસ્ટ (વ્યાખ્યાનો અને સાહિત્યસત્રોના આયોજન માટે) | મહુવા | ૫૦,૦૦૦ |

### 'પરબ' અપીલ પેટે મળેલ દાન

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | મીનળ દવે | ભરૂચ | ૬૫૧ |
| ૧. | નીલેશ રાણા | પીએ, યુએસએ | ૧,૦૦૦ |

### સાદું દાન

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૨. | સુદર્શન આયંગર | અમદાવાદ | ૧,૦૦૦ |



પરિશ્રમ મને પ્રિય છે. પરસેવો પાડીને મેળવેલું પરિણામ જે આવે તે મીઠું લાગે છે. એ પરિણામ જાહેર જનતાને સંતોષે કે નહિ, એ પ્રશ્ન પછી ઊઠે છે. પહેલો પ્રશ્ન તો લેખકના પોતાના સંતોષનો છે.

હું એક કામ પૂરું કરું છું ત્યારે મારો સંતોષ એ હોય છે કે મારી શક્તિની સમગ્ર મર્યાદા આવી રહ્યા સુધી મેં મહેનત કરી છે. આથી વધુ સારું હું ન જ કરી શક્યો હોત. એ થઈ મારી શક્તિની મર્યાદા.

પણ હું મારી જાતને કદી એમ સમજાવી લેતો નથી કે મારી જાહેરમાં જે પ્રતિષ્ઠા થઈ ગઈ છે તેને આધારે હું જે કાંઈ ઘસડીને ફગાવીશ તે લોકો ચલાવી લેશે. ના, હું જાણું છું કે સાહિત્યકાર અને પત્રકારનું કશું જ લોકો શ્રીપુરાંતે રાખતા નથી.

અગાઉ તમે ખૂબ અચ્છી કૃતિઓ આપી છે એટલે એકાદ નબળી લોકો નિભાવી લેશે, એમ કદી ગણશો નહીં. એથી ઊલટું, અગાઉ તમે લોકોને જે આસ્વાદ કરાવ્યો હશે તેથી ઉચ્ચ વાચનની લોકો તમારી તરફથી અપેક્ષા રાખીને બેસશે. માટે બહેતર છે કે કંઈ વધુ ન આપો, પણ જે કાંઈ આપો તે તમારા ૧૦૦ ટકા શ્રમનું જ અને તમારો પોતાનો સંતોષ પ્રાપ્ત કરી શકેલું પરિણામ હોવું જોઈએ.

પછી શક્તિ જે નવા સીમાડા સર નથી કરી શકતી તે માટે વલખાં પણ શાં ? તમારો સ્વધર્મ તમારી શક્તિમર્યાદા તેમજ જે વર્ગને તમે પહોંચાડવા માગો છો તેની મર્યાદા નક્કી કરી લેવાનો છે.

**– ઝવેરચંદ મેઘાણી**